રૂા. ૧૫/-



પ્રભુનો સાક્ષાત્કાર

# અર્પણ

નવેમ્બર-૨૦૦૯

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

ઈશ્વરનો સાક્ષાત્કાર એજ માત્ર જરૂરી વસ્તુ છે અને બાકીનું બધું એ સાક્ષાત્કાર પ્રતિ આપણને દોરી જવામાં જેટલા પ્રમાણમાં મદદરૂપ થાય, અથવા તો એ વસ્તુઓની પ્રાપ્તિ આ સાક્ષાત્કારને પ્રકટ કરવામાં કે એનો વિસ્તાર કરવામાં જેટલા પ્રમાણમાં મદદરૂપ થાય તેટલા પ્રમાણમાં જ ઇચ્છવા જોગ છે.

૪-૪-૧૯૫૦ શ્રી અરવિન્દ

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

## અખિલ ભારત પત્રિકા

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

નવેમ્બર-૨૦૦૯ વર્ષ : ૩૪ અંક : ૨ સળંગ અંક ૪૦૦

# અનુક્રમ

## પ્રભુનો સાક્ષાત્કાર


સાક્ષાત્કાર એટલે શું ? ૫

શ્રી માતાજીની પ્રાર્થનાઓ અને ધ્યાન ૭

સાક્ષાત્કારની ત્રણ ભૂમિકાઓ

આંતરદૃષ્ટિ ૧૫

આંતરિક અનુભૂતિ ૧૭

તાદાત્મ્ય ૨૦

ત્રણ મૂળભૂત સાક્ષાત્કારો ૨૨

આત્મસાક્ષાત્કાર (ઈશોપનિષદ) ૨૭

આત્મસાક્ષાત્કારનું પ્રથમ સોપાન ૩૨

**ગીતા નિબંધો** ૩૬

આર્ય યોદ્ધાનો ધર્મ

વૃત્ત વિશેષ ૩૮




Let this be be our one need in life, to realise the Divine.

The Mother

**જીવનમાં આપણને માત્ર એક જ વસ્તુની જરૂર બનો :**

**પ્રભુનો સાક્ષાત્કાર.**

**શ્રી માતાજી**





# સાક્ષાત્કાર એટલે શું ?

વધુ ગહન અને આધ્યાત્મિક દૃષ્ટિથી જોતાં સઘન સાક્ષાત્કાર એને કહેવાય જે સાક્ષાત થયેલી વસ્તુને વધુ વાસ્તવિક, ક્રિયાશીલ, તેમ જ આપણી ચેતના માટે બીજા કોઈ પણ ભૌતિક પદાર્થ કરતાં વધુ જીવંત, વધુ નિકટની બનાવી આપે.

❀

...... એ કેવળ બુદ્ધિની વિચારમય સ્થિતિ, અથવા તો સત્યનો સ્પષ્ટ વિવેક માત્ર નથી. એ આપણા માનસની જ્ઞાનજ્યોતિર્મય સ્થિતિ પણ નથી. એ છે સાક્ષાત્કાર : એટલે અસંદિગ્ધ પ્રત્યક્ષ પ્રતીતિ. આપણા પોતાના અંતરને તેમ જ અંતરમાં આત્માને પ્રત્યક્ષ કરવો એનું નામ છે સાક્ષાત્કાર. એ આત્મા વિરાટ છે, તે પરાત્પર છે. આ સાક્ષાત્કાર થયા પછી પ્રકૃતિના ગુણોને આત્માની મુક્ત દૃષ્ટિ વડે જ જોઈ શકાય છે, તથા વિશ્વજીવનના અત્યારના બાહ્ય અને આંતર સંજોગોમાં આત્માના આવિર્ભાવની વિકાસશીલ ગતિ એ જ પ્રકૃતિના ગુણોનું વાસ્તવિક સ્વરૂપ છે એમ સમજાય છે.

❀

ઈશ્વર, ઊર્ધ્વ કે દિવ્ય પ્રકૃતિ, વિશ્વ-ચેતના અને એનાં બળોની લીલા, વ્યક્તિનો પોતાનો અંતરાત્મા કે મૂળ પ્રકૃતિ, અને વસ્તુમાત્રનું આંતરિક સત્ત્વ, આ બધી વસ્તુઓને આપણી ચેતના સ્વીકારે અને આ વસ્તુઓ આપણી ચેતનામાં સ્થાપિત થઈ જાય - આ વસ્તુઓની શક્તિ આપણી અંદર એટલી હદે વિકાસ પામે કે એ આપણા આંતર જીવન તેમજ અંતર સ્વરૂપના ભાગરૂપ બની રહે - એનું નામ સાક્ષાત્કાર

આ બધી વસ્તુઓ મોટે ભાગે અનુભૂતિ જ ગણાવાય છે. જ્યારે તે પળવાર માટે આવે, ઝડપથી આવીને વિદાય થઈ જાય અથવા તો ક્યારેક ક્યારેક મુલાકાત લઈ જાય.

આ જ વસ્તુઓ જ્યારે એકદમ નિશ્ચિત બને છે. સતત થતી રહે છે, એનું બનવું એ સામાન્ય ક્રિયા બની રહે છે ત્યારે એને પૂર્ણ સાક્ષાત્કાર તરીકે ઓળખવામાં આવે છે.

(Cent. ed. Vol. 23-P-879, Vol-20, P-290, Vol-23, P-884-85)






# શ્રી માતાજીની પ્રાર્થનાઓ અને ધ્યાન

**(ડાયરીમાંથી)**

**જાન્યુઆરી ૧૦, ૧૯૧૪**

મારી અભીપ્સા, હે પ્રભુ ! તારા પ્રતિ આરોહણ કરી રહી છે, સદાને માટેના એના બાળસ્વરૂપે, એની સરળતામાં એટલી તો સામાન્ય, પરંતુ મારો પુકાર સદા વધુ ને વધુ તીવ્ર થતો જાય છે અને આ ડગમગતા શબ્દોની પાછળ મારી એકાગ્ર સંકલ્પશક્તિનો ઉત્સાહ ધબકી રહ્યો છે.....

☆

**માર્ચ ૧૩, ૧૯૧૩**

સમગ્ર સ્વરૂપની અવિરત પ્રાર્થના-જે તારો આવિર્ભાવ થઈ શકે એ માટે તારી સાથે એકરૂપ થવાની અભીપ્સા રાખતું હોય છે, - એ પ્રાર્થનાની માફક પવિત્રતાની સુવાસ હંમેશ ઊંચે ઊંચે, સીધી રેખામાં જલતી રહો !

☆

**જુલાઈ ૨૧, ૧૯૧૩**

..... પણ કેટલી બધી ધીરજ જરૂરી છે ! પ્રગતિનાં સોપાન કેવાં તો સૂક્ષ્મ છે ! ઓહ ! મારા હૃદયની અપાર ગહનતામાંથી હું તને કેવી તો પુકારી રહી છું. ઓ સત્ય જ્યોતિ, ઓ પરમ પ્રેમ, ઓ દિવ્ય ગુરુ ! તું જ અમને જીવન અને પ્રકાશ આપી રહ્યો છે, તું જ અમને દોરી રહ્યો છે અને રક્ષણ આપી રહ્યો છે. તું જ અમારા આત્માનો આત્મા છે અને અમારા જીવનનું જીવન છે, તું જ અમારા સ્વરૂપના સ્વરૂપનું કારણ છે, તું જ પરમ જ્ઞાન છે, અવિચલ શાંતિ છે.

☆

**નવેમ્બર ૧૯, ૧૯૧૨**

એ યુવાન અંગ્રેજ ખૂબ જ સાચા ભાવથી તને શોધી રહ્યો છે. મેં તેને ગઈકાલે કહ્યું કે મને તારાં સાચેસાચાં દર્શન થઈ ગયાં છે. મિલન અખંડ બની રહ્યું છે. ખરેખર, હું આ રીતની અવસ્થા અનુભવી રહી છું. મારા સર્વ વિચારો તારા તરફ જ ગતિ કરે છે, મારાં સર્વ કાર્યો તને સમર્પિત બની રહે છે; તારું સાંનિધ્ય મારા માટે એક સંપૂર્ણ, અવિચલ, અવિકારી હકીકત બની રહ્યું છે અને તારી શાંતિ મારા હૃદયમાં સતત નિવાસ કરી રહી છે. છતાં હું

જાણું છું કે મિલનની આ અવસ્થા આવતી કાલે હું તેને જે રીતે સાક્ષાત કરી શકીશ તેની તુલનામાં દરિદ્ર અને અસ્થિર છે, અને હું હજી મને જે એકરૂપતા મળવાની છે તેનાથી દૂર છું, બેશક ઘણી દૂર છું, એ એકરૂપતામાં મારો 'હું' નો ખ્યાલ સાવ પૂરેપૂરો ચાલ્યો ગયો હશે. મારી વાત કહેવાને હું હજી પણ એ 'હું' નો ઉપયોગ કરું છું. પણ હું જ્યારે જ્યારે તેને વાપરું છું ત્યારે મને દરેક વખતે તે એક બંધન જેવો લાગે છે, જે વિચાર વ્યક્ત થવા માગતો હોય છે તેને વ્યક્ત કરવાને તે અયોગ્ય શબ્દ જેવો લાગે છે. માણસની રીતનો વ્યવહાર કરવા માટે એ મને અનિવાર્ય તો લાગે છે, પરંતુ આ 'હું' કઈ વસ્તુને આવિર્ભાવ આપે છે તેના ઉપર બધો આધાર રહે છે; અને હું જ્યારે તેનો ઉચ્ચાર કરું છું ત્યારે કેટલીયે વાર મારી અંદર તું જ બોલતો હોય છે, કેમકે મારામાંથી ભેદની લાગણી ચાલી ગઈ છે.

પરંતુ આ બધું હજી બાલ્યાવસ્થામાં છે અને તે પૂર્ણતા પ્રત્યે આગળ વધતું રહેશે. તારી સર્વ શક્તિમાં આ જે સ્વસ્થતા ભરેલો વિશ્વાસ છે એ કેટલી બધી તો શાંતિદાયક ખાતરી બની રહે છે.

તું સર્વ કાંઈ છે, સર્વત્ર છે, અને સર્વમાં છે; અને આ કાર્ય કરી રહેલું શરીર એ, જેવી રીતે આ દૃશ્યમાન જગત સંપૂર્ણપણે તારું પોતાનું જ શરીર છે. તે રીતે તારું પોતાનું જ શરીર છે; આ પદાર્થતત્ત્વમાં તું જ શ્વાસ લઈ રહ્યો છે, વિચાર કરી રહ્યો છે, પ્રેમ કરી રહ્યો છે, આ શરીર તે તું પોતે જ હોઈ, એ તારો સદાતત્પર સેવક બનવાની ઇચ્છા રાખે છે.

☆

**૫ ડિસેંબર, ૧૯૧૨**

શાશ્વત પ્રભુ શાંતિમાં અને નીરવતામાં પ્રગટ થાય છે; કોઈ પણ ચીજ તમને ક્ષોભ કરે એમ ન થવા દેશો અને શાશ્વત પ્રભુ પ્રગટ થશે; સર્વ વસ્તુ સામે સંપૂર્ણ સમતા ધારણ કરો અને શાશ્વત પ્રભુ ત્યાં હાજર થશે.... હા, અમારે તને શોધવાની સાધનામાં વધુ પડતી તીવ્રતા, વધુ પડતો પ્રયત્ન ન લઈ આવવાં જોઈએ; એ પ્રયત્ન અને તીવ્રતા તારી સમક્ષ એક આવરણ બની રહે છે; અમારે તારું દર્શન કરવાની ઇચ્છા ન કરવી જોઈએ, કારણ કે એ હજી પણ એક માનસિક આંદોલન બની રહે છે; અને તારા શાશ્વત સાંનિધ્ય ઉપર અંધારું ઢાળી દે છે; અત્યંત પૂર્ણ એવી શાંતિમાં, સ્વસ્થતા અને સમતામાં જ સર્વ કાંઈ તું રૂપે બની રહે છે, જેવી રીતે તું સર્વ રૂપે છે તેવી રીતે, અને આ પૂર્ણરૂપે શુદ્ધ અને સ્વસ્થ વાતાવરણમાં સહેજ આંદોલન ઊભું થાય તો તે તારા આવિર્ભાવમાં વિઘ્ન રૂપ બને છે. નહિ ઉતાવળ, નહિ





અસ્વસ્થતા, નહિ વ્યાકુળતા, તું તારા સિવાય કાંઈ જ નહિ, કશું પૃથક્કરણ નહિ કે વસ્તુરૂપ આપવાની ક્રિયા નહિ, અને તું ત્યાં હાજર થાય છે, કશી પણ શંકા ન રહે તેમ, કેમકે સર્વ કાંઈ એક પુનિત શાંતિ અને પવિત્ર નીરવતા બની રહે છે.

અને એ જગતમાંનાં સર્વ કાંઈ ધ્યાન કરતાંયે વધુ સારું હોય છે.

☆

**જુલાઈ ૨૩, ૧૯૧૩**

હે પ્રભુ, હે અકલ્પય મહાજ્યોતિ, તારું સૌંદર્ય પૃથ્વી ઉપર છલકાઈ જાઓ; તારો પ્રેમ સર્વ હૃદયોમાં પ્રદીપ્ત બનો અને તારી શાંતિ સર્વ પર શાસન કરો.

એક ગંભીર ગહન રાગિણી, સ્વમતભરી અને સુક્ષ્મ, મારા હૃદયમાંથી ઉપર ઊઠે છે, અને મને ખબર નથી કે એ રાગિણી મારામાંથી તારા પ્રતિ વહે છે યા તો તારામાંથી મારા પ્રત્યે વહે છે કે પછી, તું, હું અને સારું યે વિશ્વ હું આ જે અદ્‌ભુત રાગિણી વિશે સભાન બની છું તે રાગિણી રૂપે છે..... એ તો ચોક્કસ છે કે હવે કોઈ તું નથી, કે કોઈ ભિન્ન એવું વિશ્વ નથી. વિશ્વમાં એક વિરાટ, પરમ, અનંત સંવાદિતા આવી રહેલી છે. એ જ વસ્તુઓ રૂપે છે અને સર્વ વસ્તુઓ એને વિશે એક દિવસે સભાન બનશે. એ અસીમ એવા પ્રેમની સંવાદિતા છે, સર્વ વેદના અને સર્વ અંધકારના વિજેતા એવા પ્રેમની સંવાદિતા છે.

હું આ પ્રેમના નિયમ રૂપે, વધુને વધુ પૂર્ણ ભાવે જીવવા ઇચ્છું છું; મને પોતાને હું તેને નિરંકુશ ભાવે અર્પી રહી છું.

અને મારું સ્વરૂપ એક અવર્ણનીય શાંતિમાં પ્રફુલ્લી રહ્યું છે.

☆

**૧૭ જુલાઈ, ૧૯૧૪**

પૃથ્વી પરના સાક્ષાત્કારો અમારાં ચક્ષુને માટે બહુ મોટા મહત્ત્વના બની જાય છે. કેમકે તેમનું પ્રમાણ અમારા બાહ્ય સ્વરૂપ સાથે, આજે ગોઠવાયેલું હોય છે. પરંતુ તારી સાથે સરખાવતાં, તારી સમક્ષ પૃથ્વી પરનો એક સાક્ષાત્કાર તે શી વસ્તુ છે ? એ સાક્ષાત્કાર ભલે ગમે તેટલો સંપૂર્ણ હોય, ગમે તેટલો પૂર્ણ હોય, ગમે તેટલો દિવ્ય હોય, પરંતુ તે તારી શાશ્વતીમાં તો નજરે પણ ન પડે તેવી માત્ર એક ક્ષણ જ છે, અને તેમાંથી આવતાં પરિણામો ભલે ગમે તેટલાં સમર્થ હોય, ગમે તેટલાં અદ્‌ભુત હોય, તો પણ તે તારા પ્રત્યેની યાત્રામાં નજરે પણ ન પડે તેવું અણુ માત્ર જ છે. તારા કાર્યકતાઓએ










આ વસ્તુ ભૂલવાની નથી, નહિ તો પછી તેઓ તારી સેવા કરવાને અપાત્ર બની જશે.....

હે મારા મધુર ગુરુ, કોઈ પણ વસ્તુ માટે પોતાની જાતને જવાબદાર ગણવી તથા તારી પરમ અને દિવ્ય સંકલ્પશક્તિને વ્યકિતરૂપ આપવાની ઇચ્છા કરવી એ કેવી તો બાલિશતા છે. તારા હૃદયમાં અમે અદ્વૈત પામી જઈએ અને ત્યાં જ કાયમના રહેતાં થઈ જઈએ એટલું જ શું બસ નથી ? એ કર્યા પછી બધી જવાબદારી તું લઈ લે છે, અને તારી સંકલ્પશક્તિ અમારે એને વિશે જાણવાની કંઈ જરૂર પણ ન રહે એ રીતે કામ કરતી રહે છે..... જે સાક્ષાત્કાર સર્વ રીતની બાહ્ય પરિસ્થિતિથી સ્વતંત્ર હોય, કોઈ પણ રીતની આસક્તિ કે સમજણથી મર્યાદિત ન હોય એ જ સાચો સાક્ષાત્કાર છે. એવા સાક્ષાત્કારનું જ મૂલ્ય છે, અને આવો સાક્ષાત્કાર તો માત્ર એ જ છે કે તારી સાથે પૂર્ણરૂપે, મજબૂત રીતે, નિશ્ચિતરૂપે એકરૂપ થઈ જવું. આ એક ક્ષણિક અસ્તિત્વમાં તેમ જ એક નાશવંત જગતમાં તારો જે તત્કાલ પૂરતો અને પલટાતો આવિર્ભાવ બનતો રહે છે તેની સંભાળ રાખવાની જવાબદારી તો, તું જો એને ઇષ્ટ ગણે તો તે તારી જ રહે છે અને તેને માટે જે કંઈ જરૂરનું હોય તે કરવાનું કામ તારું જ રહે છે.

હે મારા મધુર ગુરુ, પરમ પ્રભુ, તેં મારી ચિંતા લઈ લીધી છે અને મારી પાસે દિવ્ય મિલનનો પરમાનંદ અને પરમ આનંદમયતા જ માત્ર તેં રહેવા દીધાં છે.

**શ્રી માતાજી**

(માતૃવાણી ગ્રંથ - ૧ માંથી)






# સાક્ષાત્કારની ત્રણ ભૂમિકાઓ

આ સાક્ષાત્કારની અનુક્રમે ત્રણ ભૂમિકાઓ છે. ૧. દૃષ્ટિ એટલે કે આંતરદૃષ્ટિ ૨. અંતરાત્મામાં ઘન અનુભૂતિ ૩. તાદાત્મ્ય.

❀❀❀

તમે જ્યારે પ્રકાશ જુઓ છો એ દર્શન હોય છે; તમે જ્યારે અનુભવો કે એ પ્રકાશ તમારી અંદર પ્રવેશી રહ્યો છે, તો એ અનુભૂતિ છે; અને એ પ્રકાશ જ્યારે તમારી અંદર પ્રસ્થાપિત થઈ જાય અને ત્યાં એ બોધ તથા જ્ઞાન પ્રકટાવે ત્યારે એ સાક્ષાત્કાર થયો કહેવાય. સામાન્યતઃ દર્શનોને પણ અનુભૂતિ માની લેવામાં આવે છે.

## આંતરદૃષ્ટિ

પ્રાચીન ઋષિઓ 'દૃષ્ટિ' નું મૂલ્ય ઘણું જ ઊંચું આંકતા, તેથી માનવ કેવળ મીમાંસક મટી જઈને 'ઋષિ' અથવા 'કવિ' થઈ શકતો. સ્થૂલ દૃષ્ટિ વડે જેમ વસ્તુ માત્ર પ્રત્યક્ષ થાય છે તે પ્રમાણે અતીન્દ્રિય અને સૂક્ષ્મ વસ્તુઓ આત્માને પ્રત્યક્ષ અને વાસ્તવિક થાય છે. ભૌતિક જગતમાં જ્ઞાનનાં બે સ્વરૂપો હોય છે : ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ, યાને જે આપણી દૃષ્ટિની સામે અને તેની બહાર હોય તેનું જ્ઞાન. જ્યારે કોઈ પણ પદાર્થ આપણી સામે હોતો નથી ત્યારે આપણે અનુમાન, કલ્પના, સાદૃશ્ય વગેરેથી તેનો ખ્યાલ ઉત્પન્ન કરવો પડે છે, – જેમણે તે પદાર્થ જોયો હોય તેમનાં વર્ણનો વાંચવાં પડે છે, અથવા, જો હોય તો, ચિત્રો જોવાં પડે છે. એ બધાંની સામગ્રીને ભેગી કરીને આપણે તે પદાર્થનો, જેટલો બને તેટલો, સ્પષ્ટ ખ્યાલ મેળવી શકીએ ખરા, તો પણ આપણે તે પદાર્થને યથાર્થ જાણ્યો નહિ ગણાય. હજી તે પદાર્થ આપણે માટે એક સંશયરહિત વાસ્તવિકતા થઈ નથી; પરંતુ વાસ્તવિક્તાનું વિચારમય સ્વરૂપ માત્ર હોય છે, પરંતુ એકવાર આપણે પદાર્થને આપણી દૃષ્ટિ વડે – અન્ય કોઈ પણ ઈન્દ્રિય એને માટે પૂરતી નથી – જોઈએ છીએ ત્યાર પછી તે પદાર્થ આપણો થઈ રહે છે : આપણે તેનો સાક્ષાત્કાર કર્યો ગણાય. કારણ કે પછી હંમેશને માટે જ્ઞાનસ્વરૂપે તે આપણા અસ્તિત્વનો ભાગ થઈ રહે છે. સૂક્ષ્મ આધ્યાત્મિક અનુભૂતિમાં પણ એ જ સત્ય લાગુ પડે છે. આત્માને વિશે સુંદર અને વિશદ વર્ણનો સાંભળીએ, તત્ત્વવિદો, અનુભવી જાણકારો અને પ્રાચીન પુસ્તકો મારફત તેને વિશે વિચાર, અનુમાન, કલ્પના, સાદૃશ્ય વગેરેનો ઉપયોગ કરી એક માનસિક મૂર્તિ અથવા ખ્યાલ ઊભો કરી શકીએ; મનન કરીને એ વિચારને આપણે મનમાં દૃઢતાપૂર્વક સ્થિર કરીએ,

અથવા તો નિદિધ્યાસન કરીને તેના જ ઉપર મનની એકાગ્રતા સાધીએ તો આપણે તેનો સાક્ષાત્કાર કર્યો નહિ ગણાય. આપણે ઈશ્વરને જોયો નથી. દીર્ઘકાળ પર્યંત સતત અખંડિત – એકાગ્રતા વડે, યા તો બીજા કોઈ પણ ઉપાયે, જ્યારે મન રૂપી પડદો ચીરાઈ જાય છે, અથવા તો દૂર ખસી જાય છે ત્યારે જ પ્રબુદ્ધ મનમાં આત્માની જ્યોતિનું પૂર – **ज्योतिर्मयब्रह्म** નું પૂર – આવે છે, અને વિચારને બદલે જ્ઞાન દૃષ્ટિ જાગ્રત થાય છે. સ્થૂલ દૃષ્ટિએ જે પ્રમાણે સ્થૂલ પદાર્થ પ્રત્યક્ષ, વાસ્તવિક અને આબેહૂબ જણાય છે તે જ પ્રમાણે એ દૃષ્ટિને આત્મા પ્રત્યક્ષ થાય છે. એ દૃષ્ટિનો એક વાર અનુભવ થયા પછી માનવની જ્ઞાનપ્રાપ્તિમાં અંધકાર ભલે આવે, કિંવા જ્ઞાનની જ્યોતિ ઝાંખી થતી ભલે લાગે, પરંતુ ત્યાર પછી આત્માનો સાક્ષાત્કાર તદ્દન નિર્મૂળ તો થઈ શકતો જ નથી. એ અનુભૂતિ વારે ને વારે જાગ્રત થાય છે અને જ્યાં સુધી સતત જાગ્રત ન રહે ત્યાં સુધી વારેવારે આવ્યા જ કરવી જોઈએ. ક્યારે અને કેટલો જલ્દી તે સાક્ષાત્કાર થાય છે તેનો આધાર કેટલી ભકિત અને કેટલા આગ્રહપૂર્વક આપણે આધ્યાત્મિક માર્ગનું અનુશીલન કરીએ છીએ તથા આપણામાં વસતા પ્રભુને આપણે કેટલી શક્તિથી અથવા તો ભક્તિથી ઘેરી લઈ શકીએ છીએ, તેના ઉપર રહેલો છે.

### સાધકોને માર્ગદર્શન

દર્શનો થવાં એ અનિવાર્ય નથી – દર્શનો જ્યારે યોગ્ય પ્રકારનાં હોય ત્યારે એ મદદરૂપ થઈ પડે છે – બસ એટલું જ.

☆

મેં જણાવ્યું છે તે મુજબ અંતર્મુખ થવાની વૃત્તિ એ અનિચ્છનીય નથી જ, અને એના પ્રતિકારની કોઈ જરૂર નથી. અમુક ચોક્કસ અવસ્થામાં આ વૃત્તિની સાથે સાથે પૂરતી માત્રામાં દર્શનો પણ થતાં રહે છે, અને એ થાય છે આંતરદૃષ્ટિના વિકાસનો લઈને, જે દૃષ્ટિ અસ્તિત્વની બધી ભૂમિકાઓની વસ્તુઓને જોઈ શકે છે. આ સાધનામાં મદદરૂપ થઈ શકે એવી અમૂલ્ય શક્તિ છે અને એને નાહિંમત કરવી જોઈએ નહિ. પરંતુ સાધકે આસક્તિ રાખ્યા વગર, મુખ્ય ધ્યેય, જે આંતર સ્વરૂપ તથા ઈશ્વરનો સાક્ષાત્કાર છે, તેને દૃષ્ટિ સમક્ષ રાખીને આ વસ્તુઓનું નિરીક્ષણ કરવું જોઈએ–આ વસ્તુઓ ચેતનાના વિકાસમાં આનુષંગિક તથા એમાં મદદરૂપ છે એ જ રીતે સ્વીકારાવી જોઈએ, અને એ વસ્તુઓ પોતે જ આપણું ધ્યેય છે, એ રીતે એનો કદાપિ સ્વીકાર થવો જોઈએ નહિ. સાધકમાં વિવેકબુદ્ધિ પણ હોવી જોઈએ જે દરેક વસ્તુને એના યોગ્ય સ્થાને મૂકી શકે અને એ દર્શન કે અનુભૂતિનું ક્ષેત્ર કે એના પ્રકાર વિશે સહેજ અટકીને વિચાર કરી શકે. એવા પણ લોકો છે જે આ પ્રકારની ગૌણ અનુભૂતિઓ માટે એટલા આતુર થઈ જતા હોય છે કે તેઓ અલગ અલગ ક્ષેત્રની વાસ્તવિકતાઓ



વચ્ચેની ભેદરેખાને પણ ઓળખી શકતા નથી. આ અનુભૂતિઓમાં જે કંઈ થતું રહે એ સર્વ સત્ય જ છે એમ માની લેવું ન જોઈએ – સાધકે એમાં વિવેકબુદ્ધિ વાપરવાની છે, અને એમાં કઈ રચના મનોમય પ્રકારની છે, કઈ વિષયગત છે, અને એમાં સાચું શું ? કઈ વસ્તુ વિશાળતર મનોમય અને પ્રાણમય ભૂમિકાઓના માત્ર સંકેત રૂપે છે. અને કઈ વસ્તુ આંતરિક સાધના માટે તેમજ બાહ્ય જીવન માટે માર્ગદર્શક, સહાયક થઈ શકે એમ છે, તે જોવું જોઈએ, અને એ રીતે એનું મૂલ્યાંકન કરવું જોઈએ.

## આંતરિક અનુભૂતિ

આ દૃષ્ટિ (આંતરિક દર્શન) એક પ્રકારનો આધ્યાત્મિક સાક્ષાત્કાર છે, પરંતુ અંતરાત્માની ઘન અનુભૂતિ એટલેથી અટકી જતી નથી. દૃષ્ટિ વડે સાધકને આત્માનું દર્શન થાય છે. પરંતુ તે તેને અંતઃકરણપૂર્વક સ્વીકારે જ એવું નથી. જે પ્રમાણે સાક્ષાત્કારની પ્રતીતિ થવા માટે પ્રારંભમાં કેવળ ચક્ષુરિન્દ્રિય પૂરતી હોય છે તો પણ સાક્ષાત્કારને વધારે સઘન કરવા માટે બીજી ઇન્દ્રિયોની સહાય લેવાની જરૂર પડે છે, તે પ્રમાણે દૃષ્ટિ વડે આત્માનો સાક્ષાત્કાર થયા પછી આપણાં એકેએક કરણમાં પ્રભુને માટે માગણી થવી જોઈએ, – જ્ઞાનની જ્યોતિ વડે પ્રકાશિત કેવળ દૃષ્ટિમાંથી જ નહિ. કેવળ મન દ્વારા પણ આપણે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. અને આપણા મનમાં કેવળ માનસિક વિચારરૂપે જે ખ્યાલો રહેલા હોય છે તેમના અંતિમ સત્યને મન વડે અનુભવી શકીએ છીએ. ઉદાહરણ તરીકે ‘ચેતના’, ‘શક્તિ’, ‘આનંદ’ વગેરેનાં જુદાં જુદાં કાર્યોનો માનસિક અનુભવ થઈ શકે છે અને એ પ્રત્યેક વિચારમાં રહેલું સત્ય આપણને જણાય છે. એ પ્રમાણે મનને આત્માના સાક્ષાત્કારની તૃપ્તિ મળે છે. વળી આપણે ચિત્તમાં અને હૃદયમાં પ્રેમરૂપે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. અર્થાત્, આત્માનો પ્રેમ અને આનંદ આપણામાં અનુભવીએ છીએ તેમ વિશ્વમાં પણ તેને પ્રાપ્ત કરીએ છીએ. એ રીતે હૃદયને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે છે. વળી, સૌંદર્ય દ્વારા પણ આત્માનો અનુભવ આપણને થાય છે. આપણા મન અને ઇન્દ્રિયોના ઉપર આપણે સર્જેલા પદાર્થોની, યા તો પ્રકૃતિના ઉત્પન્ન કરેલા પદાર્થોની અસર થતાં સર્વમાં અનુપમ સૌંદર્યરૂપે અને આનંદરૂપે વ્યાપી રહેલા આત્માનો અનુભવ આપણને થાય છે. એ પ્રમાણે ઇન્દ્રિયોને આત્માનુભવનો સંતોષ મળે છે. જેમ પ્રાણશક્તિમાં આપણને આત્માની સૂક્ષ્મ અભિવ્યક્તિનો અનુભવ મળે છે તેમ શરીર દ્વારા તેનો સ્થૂલમાં અનુભવ થઈ શકે છે. અર્થાત્ જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં, સર્વે રૂપોમાં અને ઘાટોમાં આપણા અંતરમાં તથા અન્ય માનવોમાં, યા તો જગતની અંદર કાર્ય કરી રહેલ શક્તિઓનાં એકેએક કાર્યમાં આત્માની પ્રતીતિ થાય છે. એ રીતે પ્રાણને અને દેહને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે છે.

☆

મન, પ્રાણ કે શરીરના દ્રવ્યમાં ગમે ત્યાં સત્યની અનુભૂતિ થવી એ સાક્ષાત્કારની શરૂઆત સમાન છે. મને જ્યારે શાંતિનો અનુભવ થાય છે ત્યારે 'શાંતિ' એ શું છે તે હું સમજતો થાઉં છું. અનુભૂતિને ગ્રહણ કરવાથી સંપૂર્ણ અને સ્થાયી એવા સાક્ષાત્કારનો માર્ગ સરળ બને છે. એ જ્યારે કોઈ પણ જગ્યાએ સ્થાપિત થઈ જાય છે ત્યારે એ સ્થળે કે સ્વરૂપના એ ભાગમાં એ પૂર્ણપણે સાક્ષાત બને છે.

☆

યોગીને જ્યારે અનુભૂતિ થાય છે ત્યારે એને એ ખબર હોય છે કે નાની એવી શરૂઆત બહુ મહત્ત્વની હોય છે અને એ અનુભૂતિનું લાલનપાલન કરી ખૂબ જ ધીરજપૂર્વક એને વિકસવા દેવાની હોય છે. એને ખબર હોય છે કે, કશામાં ભાગ ન લેતી શાંતતા, જે સાધકના પ્રાણની વ્યાકુળતાને માટે ખૂબ જ અસંતોષકારક હોય છે, તે બધા પ્રકારની સમજશક્તિથી પર એવી શાંતિ પ્રત્યેનું પ્રથમ સોપાન છે; આંતરિક આનંદ કે રોમાંચનો એક નાનકડો પ્રવાહ એ આનંદના જલધિની પ્રથમ ધાર હોય છે, પ્રકાશ અને રંગોની અનુભૂતિ એ આંતર દર્શનો અને અનુભૂતિઓના દ્વારની ચાવી હોય છે. અવતરણ જે શરીરને એકાગ્ર સ્થિરતામાં જકડી દે છે, એ એવી કોઈ વસ્તુનો પ્રથમ સ્પર્શ હોય છે, જેનો અંત ઈશ્વરની સંનિધિમાં પરિણમે છે. યોગી અધીરો થતો નથી, એ તો ઊલટાનો શરૂ થતી ઉત્ક્રાંતિને ખલેલ ન પહોંચે એ માટે કાળજી રાખતો હોય છે.

☆

.... અનુભૂતિઓ બે પ્રકારની હોય છે, વિશ્વાસપાત્ર ને વિશ્વાસ ન મૂકી શકાય એવી, જે અનુભૂતિઓ સાચા માર્ગે જવામાં મદદરૂપ બને છે, દીવાદાંડી સમાન બની રહે છે, તો કોઈ વખત સાક્ષાત્કારની અવસ્થા રૂપે બની આવે છે, સાક્ષાત્કારના જ પદાર્થરૂપ, એના દ્રવ્યરૂપ હોય છે, આ એ પ્રકારની અનુભૂતિઓ છે, જેને માટે સાધક અભીપ્સા સેવે છે, એનું આવાહ્‌ન કરે છે, એને માટે પ્રયત્નશીલ રહે છે; અને કંઈ નહિ તો છેવટે એક નિશ્ચિત અપેક્ષા સાથે એના પ્રત્યે પોતે ખુલ્લો થાય છે કે આજે કે કાલે એ અનુભૂતિઓ એને આવી મળશે. તમારી પોતાની મુખ્ય અનુભૂતિઓ ભલે થોડી હોય, અથવા તો એમાં સાતત્ય ન પણ હોય, પરંતુ એ અનુભૂતિઓ સબળ ન હતી, અથવા તો મદદરૂપ ન હતી એવું હું કહી શકતો નથી. હું તો એમ જણાવીશ કે પ્રથમ પ્રકારની થોડી અનુભૂતિઓ થવી એ બીજા પ્રકારની ઢગલેબંધ થતી અનુભૂતિઓ કરતાં સારું છે, મેં જે લખ્યું હતું એનો સાર એટલો જ કે અનુભૂતિઓના ચળકાટથી અંજાઈ ન જવું. અને અનુભૂતિઓ થવાથી સાધક મહાન બની જાય છે તથા અનુભૂતિ ન થાય તો સાધક ઊતરતી કક્ષાનો કહેવાય એ પ્રમાણે વિચારવું નહિ.....



પરંતુ એવી પણ અનુભૂતિઓ છે જે આધ્યાત્મિક સાક્ષાત્કાર, ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવવામાં મદદરૂપ થાય છે તેમજ એ સાક્ષાત્કાર પ્રતિ આપણને દોરી જાય છે, અથવા તો સાધનામાં પ્રગતિ કરવામાં મદદરૂપ થાય છે અને માર્ગમાં આપણને સહાયરૂપ બની રહે છે – એમાં પ્રતીકાત્મક અનુભૂતિ, દર્શનો, ઈશ્વર સાથે એક યા બીજા પ્રકારનો સંપર્ક, અથવા તો ઊર્ધ્વ સત્યના કાર્ય સાથેનો સંપર્ક, કુંડલિનીનું જાગ્રત થવું, ચક્રોનું ઉદ્‌ઘાટન, સંદેશો પ્રાપ્ત થવો, અંતઃસ્ફુરણા થવી, આંતરિક શક્તિનો વિકાસ થવો, વિ. વસ્તુઓનો આમાં સમાવેશ થાય છે. આમાં જે વાતની કાળજી રાખવાની છે તે એ કે અનુભૂતિઓ પ્રમાણભૂત છે કે નહિ તે જોવાનું અને એનો આધાર સાધકની પોતાની નિષ્ઠા ઉપર છે....

તો પછી 'ક્ષ' એમ શા માટે જણાવે છે કે સાધકે અનુભૂતિઓની પાછળ માર્યા મર્યા ફર્યા કરવાને બદલે માત્ર ઈશ્વરની ઝંખના સેવવી અને ઈશ્વરને પ્રેમ કરવો જોઈએ. એનો અર્થ એટલો જ કે અનુભૂતિની પ્રાપ્તિને તમારે તમારું ધ્યેય બનાવી દેવાનું નથી, પરંતુ ઈશ્વરપ્રાપ્તિને તમારું ધ્યેય બનાવવાનું છે, અને જો તમે એમ કરો તો પછી તમને સાચી તેમજ મદદરૂપ અનુભૂતિઓ થતી રહેશે, નહિ કે ખોટી અનુભૂતિઓ. સાધક જો અનુભૂતિઓની પાછળ જ લાગેલો રહે તો તે મન, પ્રાણ અને સૂક્ષ્મ શારીરિકની ઊતરતી કક્ષાની વસ્તુઓમાં રાચતો રહે છે, આધ્યાત્મિકતાની ગૌણ બાબતોમાં ફસાયેલો રહે છે, અથવા તો એને લઈને એક ગૂંચવાડો, મિશ્રણનું એવું એક વમળ ઉત્પન્ન થાય છે જે ઈશ્વર અને આત્માની વચ્ચે અંતરાયરૂપ બની શકે છે.

☆

જ્યારે મન શાન્ત થઈ જાય છે અને એકાગ્રતા સબળ તેમજ અભીપ્સા તીવ્રતમ બને છે ત્યારે અનુભૂતિની શરૂઆત થાય છે.

☆

આંતર સ્વરૂપ જ્યારે જાગ્રત હોય છે ત્યારે જ સાક્ષાત્કાર શક્ય બને છે.

☆

અનુભૂતિઓ પ્રત્યે તમારી જાતને ખુલ્લી રાખો પરંતુ એને ભોગવશો નહિ. કોઈપણ એક પ્રકારની અનુભૂતિ સાથે તમારી જાતને જોડી દેશો નહિ, પ્રત્યેક વિચાર, કે સૂચનને સત્ય માની લેશો નહિ, કોઈ જ્ઞાન, સંદેશ કે આદેશને છેવટનો કે અંતિમ માની લેશો નહિ. સત્ય પોતે પણ જ્યારે સંપૂર્ણ હોય છે ત્યારે જ સાચું હોય છે અને વ્યક્તિ જેમ ઊર્ધ્વમાં આરોહણ કરતી રહે, અને ઊર્ધ્વ સ્તરેથી એ સત્યનું દર્શન કરે તેમ એના અર્થો પણ બદલાતા રહે છે.

**શ્રી અરવિન્દ**

(Cent. ed. Vol. 20 - P - 290 Vol - 23 -P 941, Vol-20, PP - 290-91, Vol-23 P-931, P-1027, Vol-20, PP 291-92, Vol-23, P-877, 880-81, 1042-488, 884-86 & 605)

# તાદાત્મ્ય

ઉપર જે અનુભૂતિઓ ગણાવી તે આત્મા સાથે એકતા યાને તાદાત્મ્ય પ્રાપ્ત કરવાના પ્રાથમિક ઉપાયો છે. દૃષ્ટિ અને અનુભવ દ્વારા આપણે પોતાના જ આત્માનું દર્શન અને તેનો જ અનુભવ કરીએ છીએ. એટલે જ્યાં સુધી તે આત્મા જોડે આપણા આંતરજીવનની સંપૂર્ણ એકતા થાય નહિ ત્યાં સુધી 'દૃષ્ટિ' તથા 'અનુભવ' બંને અપૂર્ણ જ રહે છે, આપણે તો વેદાંતના મહાન સૂત્ર **सोऽहम्** – 'હું તે છું' – નો આપણા એકેએક કરણમાં સાક્ષાત્કાર કરવો જોઈએ. આપણે ઈશ્વરનું દર્શન તથા તેનો અનુભવ કરવો જોઈએ એટલું જ નહિ, પરંતુ આપણે તો તન્મય થઈ જવું જોઈએ, સર્વ નામરૂપથી પરાત્પર પરમાત્મા જોડે, આપણે એકતા સાધવી જોઈએ. તેને માટે અહંતાને દૂર કરીને તથા એના સર્વ પરિવારને હાંકી કાઢીને તથા તેને ઠેકાણે એ બધાં જેમાંથી ઉત્પન્ન થયાં છે તેવા આત્મામાં જ તેનો લય કરવો જોઈએ. વળી વિશ્વમાં વિવિધ વિશિષ્ટ રૂપે આવિર્ભાવ પામી રહેલા બ્રહ્મ જોડે પણ એકતા કરવી જોઈએ. અનંત સત્ ચિત્ અને શાંતિ તથા આનંદ રૂપે આપણા અંતરમાં જે પ્રગટ થાય છે તેની સાથે, તથા આપણાં કર્મોમાં, રૂપનાં ઘડતરોમાં, આત્મસ્વરૂપની લીલાનો વેશ તે ધારણ કરે છે તેમાં પણ આપણે તેની સાથે તન્મય થવું જોઈએ.

આત્મા અથવા તો ઈશ્વરનો બુદ્ધિના વિચાર ઉપરાંત બીજી જાતનો અનુભવ શી રીતે થઈ શકે એવો પ્રશ્ન આજકાલના માનસને ઘણી વાર થાય છે. યુરોપની કલ્પનાશક્તિને, ઈંગ્લાંડના મહાન કવિ વર્ડઝવર્થે પ્રકૃતિમાં વ્યાપી રહેલ આત્માના સાક્ષાત્કારને કવિતામાં મૂકીને એ દૃષ્ટિનો તથા એ સમાધિ-લય-નો કંઈક ખ્યાલ આપ્યો છે, તે જોવાથી આપણને યોગના અનુભવ વિશે કંઈક ઝાંખો ખ્યાલ આવશે, એનાં કાવ્યો વાંચતાં આપણને જણાય છે કે તેને પ્રકૃતિમાં સર્વ સ્થળે, સર્વ પદાર્થમાં કોઈ તત્ત્વ વ્યાપી રહેલું હોય એવો અનુભવ થતો હતો; એ તત્ત્વ તે જ આત્મા, એ તત્ત્વ ચિન્મય છે, અને પદાર્થના નામરૂપથી, સ્વતંત્ર છતાં નામરૂપનું કારણ અને તેમાં આવિર્ભૂત એવી કોઈ હાજરી એને જણાતી. વળી, આપણને જણાય છે કે તેને એ આત્મતત્ત્વનું દર્શન તથા તેનાં અનુગામી તત્ત્વો શાંતિ, આનંદ અને સર્વમયતા પ્રાપ્ત થયાં હતાં એટલું જ નહિ, પરંતુ તેનો ઈન્દ્રિયગમ્ય સાક્ષાત અનુભવ પણ થયો હતો, – એટલે કે મનમાં, રસવૃત્તિમાં, પ્રાણમાં અને સ્થૂળ શરીરમાં પણ થતો હતો. વળી તેને એ અનુભવ એના પોતાના અંતરમાં થતો હતો એટલું જ નહિ, પરંતુ નજીક રહેલા પુષ્પમાં, તદ્દન સામાન્ય માનવમાં અને જડ પર્વતમાં પણ તેને એનો જ સાક્ષાત્કાર થતો હતો, વળી કેટલીક વાર તો તે પોતાના ધ્યેય-વિષય જોડે સંપૂર્ણ એકતા પણ પામી જતો હતો. એ અનુભૂતિની એક બાજુને તેણે 'A Slumber did my Spirit seal' 'મારો આત્મા એક અદ્ભુત નિદ્રામાં – સુષુપ્તિમાં – સરી પડ્યો' એ લીટીથી શરૂ થતા કાવ્યમાં આબેહૂબ વર્ણવી છે. તેમાં કવિ જણાવે છે કે એનો પોતાનો આત્મા પૃથ્વીની જોડે તન્મય થઈ ગયો અને 'પૃથ્વીનાં વૃક્ષો, પથ્થરો અને પર્વતો સાથે તેણે સૂર્યની આસપાસ ભ્રમણ કર્યું.' એ સાક્ષાત્કારને પ્રકૃતિથી પણ પર એવા આત્માને લાગુ કરો અને તેના કરતાં પણ વધારે ઉચ્ચ અને આધ્યાત્મિક ભૂમિકાનો ખ્યાલ લાવો એટલે તમને યોગમાં 'જ્ઞાન' કહે છે તેની કાંઈક કલ્પના આવશે. પરંતુ આ બધા અનુભવો, પરાત્પર ઈન્દ્રિયાતીત અને મનસાતીત એવી વિજ્ઞાનની ભૂમિકાની દેવડી – તેનું આંગણું – માત્ર છે. એ પરમ ભૂમિકાની સંપૂર્ણ પ્રાપ્તિ પછી તો વિવિધ અનુભવી અનિર્વચનીય પરાત્પર જોડે એકતામાં લય પામે છે. જ્ઞાનયોગીની એ ઉત્તમોત્તમ દશા છે અને દિવ્ય આનંદ તથા દિવ્ય જીવનનું મૂળ પણ તે જ છે.

**શ્રી અરવિન્દ**

(Cent. ed. Vol. 20 PP 292-93)

***યોગની અનુભૂતિઓની શરૂઆત સામાન્યતઃ કપાળમાં ત્રીજા નેત્રના ખૂલવાથી થતી હોય છે (ભ્રૂકૂટિમાં રહેલું આજ્ઞા ચક્ર) અથવા તો કોઈ પ્રકારના ગુહ્ય દર્શનથી થતી હોય છે, જે દર્શન શરૂઆતમાં બહુ મહત્ત્વનું ન પણ લાગે પરંતુ છેવટે તે ગભીરતમ અનુભૂતિ માટેના માર્ગરૂપ બની રહેતું હોય છે.... ટૂંકમાં દર્શન એ એક મહાન સાધન છે, જો કે એ એકદમ અનિવાર્ય છે, એવું નથી.***

***શ્રી અરવિન્દ***

# ત્રણ મૂળભૂત સાક્ષાત્કારો

ભગવાન એક તત્ત્વ તરીકે અનંત છે અને એવાં જ અનંત છે આ લખચોર્યાશીનાં એનાં સ્વરૂપો. વાત એમ છે એટલે જ આપણી જાત અને આપણી પ્રકૃતિની પૂર્ણ પરિપૂર્ણતા કોઈ પણ એક જ જાતના સાક્ષાત્કારથી થાય તે સંભવિત નથી લાગતું. ભગવાનના અનુભવનાં અનેક પાસાંઓ એમાં ભેગાં કરવાં જ પડે. ભગવાન સાથેની એકરૂપતા માટેનો ગમે તે એક જ માર્ગ લીધો હોય અને જો તેને તેની નિરપેક્ષતા સુધી ઊંચે ઉઠાવ્યો ના હોય તો એથી આપણને એ પૂર્ણ પરિપૂર્ણતા ના મળી શકે; એ માટે તો અનંત પ્રભુનાં અનેક સ્વરૂપનો સુમેળ સાધવો જ પડે. આપણી પ્રકૃતિનું પૂરેપૂરું રૂપાંતર કરવું હોય તો સાતત્ય - ભરી ચેતના અને વૈવિધ્ય-ભરી તેમ જ શક્તિ-સભર અનુભૂતિ એ બેનો સમાવેશ કરવો જ પડે.

એક એવી મૂળભૂત દૃષ્ટિ છે કે જે આ અનંત પ્રભુનું સુમેળવાળું સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે, કે તેની બહુરૂપી અનુભૂતિ કરવા માટે અનિવાર્ય છે; અને એ છે : ભગવાનનું શુદ્ધ અને સત્ય એવું એ સ્વરૂપ કે જેમાં આ નામ અને રૂપવાળા જગતથી કોઈ વિકાર નથી થએલો. જો આ દૃષ્ટિ ના મળે તો એવું પણ બને કે આપણે આ દૃશ્ય જગતની જાળમાં જ પકડાએલા રહીએ, અથવા આ વિશ્વની ગૂંચવાડા જેવી લખચોર્યાશીમાં કે તેના જ કોઈ ભાગમાં ભમતા રહીએ; અને જો એ ગૂંચવાડાથી બચી જઈએ તો તેના બદલામાં આપણે કોઈક બૌદ્ધિક સિદ્ધાંતોથી બંધાઈ જઈએ કે પછી કોઈ નાની સરખી અંગત અનુભૂતિમાં પુરાઈ રહીએ એમ પણ બને. એક સત્ય છે, સો ટકા સલામત અને સો એ સો વાતનું સમાધાન કરી આપતું, અને પાછું એ છે આખા વિશ્વનો પાયો; એ છે : જિંદગી એ એક સ્વયંભૂ પુરુષ અને આત્મતત્ત્વનું પ્રગટીકરણ છે, અને જો જિંદગીના છૂપા રહસ્યને શોધી કાઢવું હોય તો આ આત્મતત્ત્વને તેની સૃષ્ટિ સાથે જોડેલું રાખીને તેનો સાક્ષાત્કાર કરવો. આ જીવતા જાગતા જગતની પાછળ એક સનાતન પુરુષ બેઠેલો છે અને પોતાનાં જ આ કોટિકોટિ પ્રાગટ્યોને નીરખી રહ્યો છે; સમયથી પર એવા એક સનાતન પુરુષનું સમયના આશરે પ્રગટ થયેલું વ્યક્તિત્વ આ જગતની આજુબાજુ વીંટાઈ વળેલું છે અને તેની અંદર ખૂણે ખૂણે પ્રસરી ગયેલું છે. પણ આ જ્ઞાન જો માત્ર એક બૌદ્ધિક ખ્યાલ કે તાત્ત્વિક સિદ્ધાંત જ હોય અને તેની પાછળ એક જિવાતું જીવન ના હોય તો યોગને માટે તેની કાંઈ જ કિંમત નથી; એને તો જોઈએ છે આધ્યાત્મિક અનુભૂતિનું એક જીવંત અને પ્રત્યક્ષ સત્ય. એને તો જોઈએ છે આપણી અંદર એક જાગ્રતિ, એક સભાનતા, એક સનાતન અને



સર્વવ્યાપી સત્યનું સતત સાંનિધ્ય, તેનું સ્પષ્ટ દર્શન, તેનો ગાઢ અનુભવ, અને તેની સાથે વ્યવહાર, તેનો નક્કર સ્પર્શ અને સંપર્ક. આ સાંનિધ્ય તો એક એવી જીવંત અને સર્વવ્યાપી વાસ્તવિકતા તરીકે હરહંમેશ આપણી સાથે રહેવું જોઈએ કે જેમાં આપણે પોતે અને સર્વ કાંઈ જીવે છે, હરેફરે છે, કામકાજ કરે છે; આપણે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં નજર નાખીએ ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં દરેકે દરેક વસ્તુમાં આપણને તેનો નક્કર અને પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ, તેના નાશહીન તત્ત્વ તરીકે પ્રત્યક્ષ થવું જોઈએ, તેના કેન્દ્રમાં વસતા આત્મતત્ત્વ તરીકે તેનો ગાઢ સંપર્ક થવો જોઈએ. આ પુરુષ અને આત્મતત્ત્વનો કોઈ ખ્યાલ નહિ પણ દરેક વસ્તુમાં અને દરેક રીતે તેનું દર્શન, તેનો સ્પર્શ, તેનો અનુભવ, અને, એ જ પ્રમાણે, આ પુરુષમાં અને આત્મતત્ત્વમાં દરેકે દરેક વસ્તુનો એવો જ સ્પષ્ટ અનુભવ, એ જ છે આપણે મેળવવાની, બધાં જ જ્ઞાનને આવરી લેતી મૂળભૂત અનુભૂતિ.

વસ્તુમાત્રમાં વસતો આ અનંત અને સનાતન પુરુષ એ એક સર્વવ્યાપી સત્ય છે, વાસ્તવિકતા છે, બધે જ હાજર એવી એક સત્તા છે; અને બધી જ વસ્તુને સંયુક્ત બનાવી દેતી એક અતૂટ હાજરી છે,-દરેક વસ્તુમાં કે દરેક પ્રાણીમાં અલગ રીતે વસતી એ ભિન્ન ભિન્ન હાજરી નથી; વિશ્વના દરેક આત્મામાં કે દરેક વસ્તુમાં એને આખી ને આખી જ જોઈ શકાય છે, મેળવી શકાય છે કે અનુભવી શકાય છે; કારણ કે એની જે અનંતતા છે એ સ્થળની રીતે એક મર્યાદાવિહીનતા કે કાળની દૃષ્ટિએ અંતવિહીનતા જ નથી પણ એ એક આધ્યાત્મિક અને તાત્ત્વિક અનંતતા છે; જેટલી ખાતરીથી એની અનંતતાનો અનુભવ કરોડોનાં કરોડો વર્ષના યુગમાં કે નિહારીકાઓની વચ્ચેના કલ્પી ના શકાય તેવા વિસ્તારમાં કરી શકાય છે તેટલી જ ખાતરીથી તે એક નાનામાં નાની પળ જેટલા સમયમાં કે સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુમાં પણ અનુભવી શકાય છે. એનું જ્ઞાન કે અનુભવ મેળવવાની શરૂઆત ગમે ત્યાંથી કરી શકાય છે; અને એ ગમે તે વસ્તુમાંથી બહાર આવે છે; કારણ કે ભગવાન બધે જ છે અને બધું જ ભગવાન છે.

છતાં પણ આ પાયારૂપ અનુભૂતિની શરૂઆત વ્યક્તિએ વ્યક્તિએ, તેમની પ્રકૃતિ અનુસાર જુદી જુદી રીતે થશે અને તેના અસંખ્ય પ્રકારોમાં જે પરમ સત્ય છુપાયેલું છે તે પૂરેપૂરું પ્રત્યક્ષ થતાં ઘણો લાંબો સમય લાગશે. કદાચ, આ સનાતન તત્ત્વની હાજરી, મને સૌથી પહેલાં તો મારી પોતાની જ જાતમાં, કે મારી પોતાની જાત તરીકે દેખાય કે અનુભવાય અને તે પછી જ મારી વિશાળ જાતનું આ દર્શન કે અનુભવ બીજાં સર્વ પ્રાણીઓ સુધી હું લંબાવી શકું, એમ પણ બને. તે પછી આખું જગત મને મારી અંદર કે મારી સાથે એકરૂપ દેખાય. આખું વિશ્વ મને મારી અંદર એક દૃશ્ય તરીકે દેખાય; અને તેમાં ચાલી રહેલ લીલા અને

મારા વિશ્વરૂપ આત્મામાં ચાલી રહેલ, સ્વરૂપો, આત્માઓ, અને શક્તિઓની પ્રવૃત્તિરૂપે દેખાય, સર્વત્ર મને બીજું કોઈ નહિ પણ મારી પોતાની જ જાત મળ્યા કરે, પણ ખાસ ધ્યાન રાખવાની વાત તો એ કે એ કોઈ અસુરની માફક નહિ. અસુર ભૂલ એ કરે છે કે પોતાના પડછાયાને અતિ પ્રચંડ બનાવીને તેમાં રાચે છે, અહમને જ પોતાનો આત્મા માની બેસે છે, અને પોતાની એક ટુકડા જેટલી જાતને અતિ પ્રતિભાશાળી માનીને ચારે બાજુ દોર જમાવ્યે જાય છે, મને તો સાચું જ્ઞાન મળી ચૂક્યું હોઈ એ સત્ય સમજાઈ ગયેલું હોય કે મારી સાચી જાત તો અહમ સિવાયની જ છે; એટલે મને હમેશાં મારી જાત કાં તો એક બિન-અંગત વિશાળતા તરીકે દેખાઈ હોય અથવા તો એક એવા તત્ત્વરૂપ પુરુષ તરીકે દેખાઈ હોય કે જે બધાં જ પુરુષ-રૂપોને પોતાની અંદર સમાવવા છતાં એ બધાંથી પર હોય – અથવા એમ પણ બને કે આ બંને રીતે એકસાથે મને તેનો અનુભવ થતો હોય. ભલે મને આ બિન-અંગત રીતે, કે સીમાવિહીન પુરુષ-સ્વરૂપે કે બંને રીતે એક સાથે અનુભવ થાય પણ મારો એ અનુભવ અહમથી પર એવા અનંત પ્રભુનો જ અનુભવ હશે. મને જો એ અનુભવ સૌથી પહેલાં બીજાઓમાં નહિ પણ જેને હું મારી જાત કહું છું તેવા તેના જ સ્વરૂપમાં થયો હોય તો તેનું કારણ માત્ર એટલું જ કે મારે માટે એ બહુ સરળ હતું, અને એ રીતે તેને શોધવો, જાણવો અને તેનો સાક્ષાત્કાર કરવો એ મારે માટે સહેલું હોવાનું કારણ એ કે મારી ચેતના મારી પોતાની જાત તરફ વળેલી હતી. પણ જો એ પરમ-આત્માનો અનુભવ થતાંની સાથે જ મારો નાનો સરખો અને નિમિત્તરૂપ અહમ પોતાને તેમાં પલટી નાખવાનું શરૂ ના કરી દે, જો આપણા મને ઊભો કરેલો ટચૂકડો 'હું' પેલા વિશાળ, કાયમી અને સ્વયંભૂ આધ્યાત્મિક 'હું' માં અદૃશ્ય થઈ જવાની ના પાડે તો સમજી લેવાનું કે મારો સાક્ષાત્કાર ખોટો છે, અથવા તો ખરેખર કાચો છે; મારી અંદર કયાંક એક અહ્મ પ્રધાન નડતર છે; મારી પ્રકૃતિનો કોઈક ભાગ આત્માના સર્વગ્રાહી સત્યનો વિરોધ કરવા પોતાના જ ખ્યાલ અને મતલબને ચોંટી રહેતી કોઈક વસ્તુને વચમાં મૂક્યા કરે છે. લોકોની માફક મને પણ આનાથી ઊલટી જ રીત સહેલી લાગે; મને, મારી જાતમાં નહિ પણ બીજાઓમાં, બહારની દુનિયામાં, દિવ્યતત્ત્વ પહેલાં જોવાનું મળે. બધાયમાં વસતો, છતાં બધાયને પોતાની અંદર સમાવતો, અને બધાં જ પાત્ર, પ્રાણી અને પરિબળોને પોતાની સપાટી પર ધારણ કરવા છતાં તેમનાથી પૂરેપૂરા મુક્ત એવા સ્વરૂપે એ સનાતન પ્રભુ પહેલેથી જ મને ત્યાં મળે એમ પણ બને. અથવા તો એમ પણ બને કે એ મને, આ બધી શક્તિ અને સત્તાને સમાવી લેતો શુદ્ધ, અદ્વૈત પરમપુરુષ અને પરમાત્મા-સ્વરૂપે દેખાય, અનુભવાય અને મારી આજુબાજુ સર્વત્ર ફેલાયેલ એ શાંત સર્વવ્યાપીમાં મારો અહમ્ ભાવ ખોવાઈ જાય. તે પછી એ જ આ 'આ'



મારી આ કરણરૂપ જાતમાં પ્રસરવા માંડે અને તેનો કબજો લેવા માંડે અને એમ પણ જણાઈ આવે કે કાર્ય કરવાની મારી સર્વ પ્રેરણાઓ, મારી વાચા અને બુદ્ધિના સર્વ ચમકારાઓ, મારી ચેતનાનાં બધાં જ સ્વરૂપો અને આ એકમાત્ર વિશ્વવ્યાપી સત્તાના આત્મ-દેહો સાથેના તેના સંબંધો અને વ્યવહારો એમાંથી જ પ્રગટી રહ્યા છે. હવે, એક નાની સરખી અંગત વ્યક્તિ તરીકે હું ક્યારનો ય અદૃશ્ય થઈ ગયો છું અને જે છે તે તો છે માત્ર 'તે' અને 'તે' નો બહાર પડેલો એક અંશ કે જે આ દુનિયામાં તેનું કામ કરવા તેણે જ પસંદ કરેલો એક ઘાટ ધારણ કરી રહ્યો છે.

બીજો પણ એક મૂળભૂત સાક્ષાત્કાર છે; છે તો છેક છેવાડાનો પણ તો ય કેટલીક વાર, પ્રભુ પ્રત્યે કાયમ માટે ખુલ્લો કરી આપનારો એ સૌથી પહેલો, અથવા યોગમાં ચોક્કસ વલણ સ્થાપી આપનાર એ શરૂઆતનો સાક્ષાત્કાર બની રહે છે. એ છે એક અજ્ઞેયનું ભાન, – એક અજ્ઞેય કે જે છે અક્ષર, ઊર્ધ્વ, પરાત્પર. જે મારી ઉપર અને આખા વિશ્વની ઉપર આવી રહેલ છે. અને જેમાં હું હરતો ફરતો લાગું છું; એ એક એવી, કાળ અને સ્થળથી પર સ્થિતિ છે કે જે, સાથે સાથે મને સ્પષ્ટ દેખાડી આપે છે કે મારામાં એક તાત્ત્વિક ચેતના છે, પોતાનો સ્વીકાર કરવાની એ મને ફરજ પાડે છે – અને, એ એટલી સાચી લાગે છે કે તેનો અસ્વીકાર કરી જ ના શકાય.

સામાન્ય રીતે આ સાક્ષાત્કારની સાથે સાથે જ એક બીજો એવો જ જોરદાર અનુભવ પણ થાય છે; એમાં મને અહીંની બધી જ વસ્તુઓ સ્વપ્નવત્ કે પડછાયા જેવી ભ્રામક લાગે છે અથવા તો ક્ષણિક સત્યમાંથી ઊતરી આવેલી, અને અર્ધસત્ય લાગે છે; વધારે નહિ તો થોડોક સમય તો મને બધું જ મારી આજુબાજુ સિનેમાના છાયાચિત્ર જેવું કે પડદા પરના ચિતરામણ જેવું લાગે છે; હું જે કાંઈ કરી રહ્યો છું તે જાણે કે કોઈક ઉપરના કે બહારના અણજાણ (અને કદાચ અગ્રાહ્ય) અદ્‌ભુત સ્થળેથી વહ્યે આવી, જેવો તેવો આકાર લઈ રહ્યું છે. આ ચેતનામાં જ સ્થિર થઈ જવું, કે આ આરંભને પાર પાડવો, કે સાચી વસ્તુસ્થિતિનું જે આ સૂચન થયું તેનું અનુસરણ કર્યે જવું એ જ છે, આપણી જાતનો અને દુનિયાનો ત્યાગ કરીને અજ્ઞેયને પ્રાપ્ત કરવાના ધ્યેયનો, એટલે કે મોક્ષનો, નિર્વાણનો, માર્ગ. પણ આ કાંઈ એકમાત્ર માર્ગ નથી. ઊલટાનું એમ પણ થઈ શકે કે હું રાહ જોઉં અને કાલથી પર અને શૂન્યવત મોક્ષનો આ બિલકુલ શાંત ગાળો પસાર થવા દઈને મારી જાત અને મારાં કર્મોનાં એ અણજાણ અદ્‌ભુત મૂળસ્થાન સામે આવીને ઊભો રહું; અને તે પછી આ શૂન્યતા ભરાવા માંડે અને તેમાંથી પ્રભુનું અનેક પાસાંઓવાળું સત્ય, શક્તિસભર અનંત પ્રભુનાં બધાં જ સ્વરૂપો, આવિર્ભાવો, અને તેના ઘણા બધા ઊર્ધ્વ સ્તરો આકાર લેવા માંડે કે એકદમ દોડી આવે, આ અનુભવ, સહુથી પહેલાં તો મન ઉપર, અને પછી આપણી સમગ્ર

જાત ઉપર, એક નિરપેક્ષ, અમાપ, લગભગ, અતાગ, શાંતિ અને મૌનનું સામ્રાજ્ય સ્થાપી દે છે. મન સામનો નથી કરી શકતું. હાર કબૂલ કરી લે છે, નિશ્ચલ થઈ જાય છે. પોતાનાં જ બંધનમાંથી મુક્ત બની જાય છે અને એ પરમ શાંતિને પોતાના પરમ પ્રભુ તરીકે સ્વીકારી લે છે. પણ પછી સાધક જોઈ શકે છે એ શાંતિમાં તેને માટે બધી જ વસ્તુઓ અકબંધ કે નવેસરથી બતાવીને, રાખેલી છે. અથવા તો એક મહાન અને ગુપ્ત એવા કોઈ અતીત અસ્તિત્વમાંથી એ બધી એ શાંતિમાં નીચે આવી રહી છે. કારણ કે આ અતીત, નિરપેક્ષ અસ્તિત્વ એ કોઈ ખાલી શૂન્યની શાંતિ નથી; એમાં તો એની પોતાની અનંત સમૃદ્ધિ ભરી પડી છે; આપણી પોતાની કિંમતી વસ્તુઓ પણ એનું જ વિકૃત અને મર્યાદિત સ્વરૂપ છે. જો વસ્તુમાત્રનું આ આદિમૂળ અસ્તિત્વમાં ના હોત તો વિશ્વ પણ ન હોત, - બધી જ શક્તિઓ, કાર્યો અને પ્રવૃત્તિઓ એ માત્ર એક ભ્રમણા જ હોત, સર્વે સર્જન અને સાકારતા અશક્ય હોત.

આ ત્રણ સાક્ષાત્કારો એવા તો અગત્યના અને પાયારૂપ છે કે જ્ઞાનયોગીને તો એ અંતિમ અને સ્વયંપર્યાપ્ત લાગે, બીજા બધા સાક્ષાત્કારોનાં શિખરરૂપ લાગે, એ મળતાં બીજા બધા સાક્ષાત્કારો છોડી દેવાનાં છે એમ જ લાગે. પૂર્ણયોગના સાધકને ભલે કૃપાભર્યા ચમત્કારથી એ શરૂઆતમાં જ તથા ઓચિંતાના અને સહેલાઈથી મળી આવે, અથવા તો ખૂબ ખૂબ મથામણને અંતે ઘણા લાંબા સમયે અને મહામુશ્કેલીએ સિદ્ધ થાય, છતાં પણ તેને માટે એ કાંઈ એકમાત્ર સત્ય નથી, કે નથી સનાતન અને પૂર્ણ સત્યની પૂરી અને એકમાત્ર ચાવી, એને માટે તો એ છે એક મહાન દિવ્ય જ્ઞાનની વણ-ભરેલી શરૂઆત, તેનો માત્ર વિશાળ પાયો; હજી બીજા એવા સાક્ષાત્કારો છે કે જે મેળવવાના જ છે, અને જેની શક્યતાઓની દૂર દૂરની હદ સુધી પણ ફરી વળવાનું છે. પહેલી નજરે એમ પણ લાગે કે એમાંના કેટલાક સાક્ષાત્કારો ભલે વિશ્વની પ્રવૃત્તિ માટેનાં નિમિત્તરૂપ દિવ્ય સ્વરૂપો હોય પણ તેના મૂળ સ્વરૂપમાં તેની અગત્ય નથી, તેમને સ્થાન નથી, પણ જો આ વિશ્વગત પ્રવૃત્તિઓથી માંડીને છેક તેના આદિમૂળ સુધી આ સાક્ષાત્કારોનો અનુભવ લેવામાં આવે તો ભગવાનનું એક એવું સ્વરૂપ છતું થઈ જાય કે જેના વિના વસ્તુઓની પાછળના સત્યનું આપણું જ્ઞાન વેરાન જેવું અને અપૂર્ણ રહી જાય. જે 'નિમિત્તમાત્ર' લાગે છે એ તો, હકીકતમાં એક એવા રહસ્યની ચાવી છે કે જેના વિના પેલા પાયાના સાક્ષાત્કારોનો પોતાનો ભેદ ખૂલી જતો નથી. પૂર્ણયોગની વિશાળ જાળમાં ભગવાનનાં પોતાનાં તો ખરાં જ પણ તેનાં લીલા સ્વરૂપોને પણ પકડવાનાં જ છે.

**શ્રી અરવિન્દ**

(યોગ માર્ગોનો સમન્વય, ભાગ-૧, પૃ ૧૩૧થી ૧૩૬)



# આત્મસાક્ષાત્કાર

સ્વરૂપલક્ષી દૃષ્ટિથી જોતાં બ્રહ્મ વિશ્વમાં જે કંઈ છે તે સર્વનો આત્મા છે, સર્વનું અક્ષર તે અવિનાશી અસ્તિત્વ છે. આપણામાં જે વિકારી ને પરિવર્તનશીલ છે તે છે આપણાં મન, પ્રાણ, શરીર, લક્ષણ, સ્વભાવ અને ક્રિયા. આમાંનું કશુંય આપણું સાચું ને અવિકારી સ્વરૂપ નથી; એ છે માત્ર **જગતી**માં આત્માનાં ભૂતસ્વરૂપો.

એટલા માટે ચેતન કે અચેતન જે સર્વ વસ્તુઓ પ્રકૃતિમાં અસ્તિત્વ ધરાવે છે તે સર્વે સર્વનો જે એક આત્મા છે તેના ભૂત સ્વરૂપો છે, આ સઘળા વિધ વિધ પ્રકારના જીવો એક અવિભાજ્ય **સત્** છે. પ્રત્યેક જીવે જેનો સાક્ષાત્કાર કરવાનો છે તે સત્ય છે આ.

પોતાના અસ્તિત્વના પ્રત્યેક ભાગમાં વ્યક્તિ જ્યારે આ એકતા સિદ્ધ કરે છે ત્યારે તે પૂર્ણ બને છે, પવિત્ર બને છે, અહંતા અને દ્વન્દ્વોમાંથી મુક્ત બને છે, પરિપૂર્ણ પરમાનંદનો સ્વામી બને છે.

**આત્મા**

આપણું સત્ય સ્વરૂપ આત્મા બ્રહ્મ છે; એ છે વિશુદ્ધ, અવિભાજ્ય **સત્**,એ છે સ્વયંપ્રકાશ, ચૈતન્યમાં સ્વયંનિલીન, શક્તિમાં સ્વયંનિલીન, નિજાનંદમય, જ્યોતિ અને પરમ સુખ એનું અસ્તિ-સ્વરૂપ છે. એને નથી કાળ કે નથી દિશાવકાશ, એ છે નિર્મુક્ત.

**સચ્ચિદાનંદ**

સચ્ચિદાનંદ ઉચ્ચતર પુરુષનો આવિર્ભાવ છે; અનંત સત્ નો, ચિત્નો શક્તિનો ને આનંદનો એનો જે સ્વભાવ તે પરા પ્રકૃતિ. મન, પ્રાણ અને શરીર છે નિમ્ન સ્વભાવ, અપરા પ્રકૃતિ.

સચ્ચિદાનંદની અવસ્થા વિશ્વના અસ્તિત્વનો ઉપરનો અર્ધ, પરાર્ધ ભાગ છે ને એનો સ્વભાવ છે અમૃત. જડ પદાર્થમાં મર્ત્ય અસ્તિત્વની અવસ્થા **અપરાર્ધ** નીચેનો અર્ધો ભાગ છે ને **મૃત્યુ** એનો સ્વભાવ છે.

દેહમાંનાં મન અને પ્રાણ, અજ્ઞાનને કારણે સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરવામાં નિષ્ફળ નીવડે છે, તેથી તેઓ મૃત્યુની અવસ્થા ભોગવે છે. સચ્ચિદાનંદનો પૂર્ણપણે અનુભવ કરીને તેઓ પોતાનું ધર્માન્તર સાધી શકે છે ને એવું થતાં મન સત્ય જેનો સ્વભાવ છે એવા વિજ્ઞાનમાં, પ્રાણ ચૈતન્યના

સ્વભાવમાં ને શરીર **સત્**ના સ્વભાવમાં એટલે કે શુદ્ધ મૂળતત્ત્વમાં પરિવર્તન પામે છે.

શરીરમાં જ્યારે આ પૂર્ણપણે સાધી શકાતું નથી ત્યારે જીવ અસ્તિત્વનાં અન્ય રૂપોમાં એટલે કે ભુવનોમાં પોતાની સાચી અવસ્થા સિદ્ધ કરે છે. એ ભુવનો છે સૂર્યથી પ્રકાશિત ભુવનો ને અવસ્થાઓ છે આનંદની. ત્યાં રહ્યા પછી જીવ શરીરધારી બની આત્મવિકાસની પરિપૂર્ણતા સાધવા પાર્થિવ લોકમાં પાછો આવે છે.

શરીરમાં રહી ક્રમશઃ વધારે ને વધારે પૂર્ણતાએ પહોંચતા સાક્ષાત્કારો સિદ્ધ કરવા એ માનવ ઉત્ક્રાન્તિનું લક્ષ્ય છે.

વળી જીવ સચ્ચિદાનંદની શુદ્ધ અવસ્થામાં અનિશ્ચેય સમય સુધી પોતાની જાતને પાછી વાળીને લઈ જાય, એ પણ એને માટે શક્ય છે.

આત્માનો સચ્ચિદાનંદ સ્વરૂપે સાક્ષાત્કાર કરવો એ માનવજીવનનું લક્ષ્ય છે.

**આત્મસાક્ષાત્કારની ભૂમિકાઓ :**

સર્વમયનું દર્શન

આત્મસાક્ષાત્કાર પ્રથમ પ્રવૃત્ત થાય છે ત્યારે વિશ્વભરનાં અન્ય સઘળાં સત્ત્વો સાથે એકતાના ભાવનો ઉદય થાય છે. એના પ્રાથમિક કે કાચા સ્વરૂપમાં માણસ બીજાંઓને સમજવાનો કે એમની પ્રતિ દિલસોજી બતાવવાનો પ્રયત્ન કરે છે, વિશાળતાને પામતો જતો પ્રેમ કે દયાભાવ બતાવવાની વૃત્તિ એનામાં જાગે છે, બીજાઓ પ્રત્યે માણસાઈની લાગણી થાય છે, બીજાઓને માટે કામ કરવાની પ્રેરણા અનુભવાય છે.

આ પ્રકારે સધાયેલી એકતા બહુમયતાના ભાવ સાથેની એકતા હોય છે, અસલ એકતાને બદલે સમાન એકમોને એમાં એકત્ર કરવામાં આવેલાં હોય છે અને એને પરિણામે સમાન હિત ને લક્ષ્યવાળો સમુદાય ઊભો થાય છે. બહુરૂપ બનેલાં એ આપણી ચેતના માટે સાચાં અસ્તિત્વો હોય છે ને એકસ્વરૂપ એ સર્વનું પરિણામ માત્ર.

એક જડદ્રવ્ય, એક પ્રાણ, એક મન, એક જીવાત્મા અનેક રૂપોમાં વિલસી રહ્યો છે, એવું મૂલભૂત એકતાનું જ્યારે દર્શન થાય છે ત્યારે સાથોસાથ સાચું જ્ઞાન આરંભાય છે.

સઘળી વસ્તુઓનો આ આત્મા સચ્ચિદાનંદ છે એવું જ્યારે દેખાય છે ત્યારે જ્ઞાન પૂર્ણતાએ પહોંચે છે. કેમ કે પછી જે પાર્થિવ દ્રવ્ય છે તે કેવળ પ્રાણની લીલારૂપે દેખાય છે, પોતાને પદાર્થમાં તેજઃશક્તિ ભર્યું બનાવતા મનની લીલા રૂપે પ્રાણ દેખાય છે, શક્ય એવાં સર્વ માનસિક રૂપોમાં વિધવિધ પ્રકારે સત્ત્વના



તથ્યની પ્રતિરૂપતા પામતા સત્ય કે વિજ્ઞાનની લીલા રૂપે મન દેખાય છે, સત્ય સચ્ચિદાનંદની લીલા રૂપે ને સચ્ચિદાનંદ પરમ અજ્ઞેયના, પરબ્રહ્મના કે પર-પુરુષના આવિર્ભાવ રૂપ દેખાય છે.

સઘળા દેહોમાં રહેલો જીવ, વ્યક્તિભાવ પામેલી ચેતનામાં પોતાને બહુગુણ બનાવતો એકસ્વરૂપ આત્મા કે સચ્ચિદાનંદ છે એવું આપણે જોઈએ છીએ. વળી આપણે બધાં મનોને, બધાં જીવનોને, ને બધાં શરીરોને આત્માના વિસ્તારિત સ્વરૂપમાં એના એ જ અસ્તિત્વનાં ક્રિયાશીલ સ્વરૂપો છે એવું પણ જોઈએ છીએ.

આત્મામાં સર્વભૂતોનું ને સર્વ ભૂતોમાં આત્માનું દર્શન તે આ; એ છે પૂર્ણ આંતર મુક્તિનો, પૂર્ણ આનંદનો ને પૂર્ણ શાન્તિનો પાયો.

કેમ કે જેમ જેમ આ દર્શન જેટલા પ્રમાણમાં એની સાન્દ્રતામાં અને પૂર્ણતામાં વધે છે તેમ તેમ વ્યક્તિના માનસમાંથી બધી જુગુપ્સા, અર્થાત્ ઘૃણા, સંકોચન, અણગમો, ભય, દ્વેષ અને લાગણીની અન્ય વિકૃતિઓ અદૃશ્ય થાય છે, કારણ કે એ સર્વના મૂળમાં ભેદભાવ, અન્ય જીવો પ્રત્યેનો અંગત વિરોધ કે આપણી આસપાસની વસ્તુસ્થિતિઓ સામેનો પ્રતિરોધ રહેલા હોય છે. જીવમાં પૂર્ણ સમતા[1] સ્થાપિત થયેલી હોય છે.

**આત્માનું એનાં ભૂત-સ્વરૂપોમાં દર્શન**

માત્ર દર્શન પૂરતું નથી; માણસ અંતર્મુખતા દ્વારા જે જુએ છે તેની સાથે એણે તદ્રૂપ બનવું જોઈએ. જે બુદ્ધિથી સમજાયું હોય છે ને અંતરદૃષ્ટિથી જોવાયું હોય છે તે પોતાના સત્ત્વના બધા ભાગોમાં પૂરેપૂરી રીતે પ્રતિરૂપતા પામે એ પ્રકારે આખું આંતર જીવન બદલાઈ જવું જોઈએ.

વ્યક્તિસ્વરૂપ જીવે એકતાના દર્શન દ્વારા સર્વમયમાં વિસ્તાર પામવાનો છે **(एकत्वमनुपश्यतः)** સર્વત્ર એકતા જોવાની છે; પોતાના વિચારોને, ભાવોને અને સંવેદનોને સત્યના સાક્ષાત્કાર દ્વારા **(विजानतः)** આવતા વસ્તુઓના સાચા સંબંધોના પૂર્ણ જ્ઞાન અનુસાર સુવ્યવસ્થિત કરવાનાં છે; જેના વડે સનાતન સમાથી સ્વયંભૂ એક સ્વરૂપ આત્મા અનેકરૂપતામાં પોતાનો આવિર્ભાવ કરે છે તે દિવ્ય ચેતનાના કાર્યનું પુનરાવર્તન કરવું જોઈએ; **(सर्वाणि भूतानि आत्मैवाभूत्)** આત્મા જ સર્વ ભૂતોને સ્વરૂપે પ્રકટ થયો છે તે જાણવું જોઈએ.

---

**1** સમતા-ગીતામાં જેને **સમતા** કહી છે તે. **જુગુપ્સા** એટલે પોતાના પરિમિત સ્વરૂપની ને બાહ્ય સંસ્પર્શોની વચ્ચેની સંવાદિતાના અભાવને કારણે થતી પ્રતિઘાતની લાગણી. એને લીધે શોક, ભય, દ્વેષ, અસુખ અને દુઃખના ભાવમાં માણસ પરાવર્તન પામે છે. કામના અને આસક્તિના મૂળમાં જે રાગ રહેલો છે તેનાથી તે વિપરીત છે. આપણામાંથી રાગદ્વેષ દૂર થાય છે ત્યારે સમતા આવે છે.

અર્થાત્ કહેવાનું કે માનુષી દૃષ્ટિએ જગત અસંખ્ય અને પ્રત્યેક પૃથક્ એવા જીવોનું બનેલું છે, બીજાઓથી જુદો એવો પ્રત્યેક જીવ પૃથક્ અસ્તિત્વ ધરાવે છે, બીજાઓનો ને દુનિયાનો લેવાય તેટલો વધારેમાં વધારે લાભ લેવાનો પ્રયત્ન કરતો હોય છે. પરંતુ ઈશ્વર પોતાની દિવ્ય દૃષ્ટિથી જ જગતને જુએ છે, પોતે જ એકમાત્ર આત્મા છે, પોતે જ જે બનેલો છે એવાં અસંખ્યાત અસ્તિત્વોમાં પોતે જ નિવાસ કરી રહેલો છે, પોતે જ સૌને આધાર આપે છે, નિષ્પક્ષ ભાવથી સૌને સહાય કરે છે, સઘળાંની દિવ્ય પરિપૂર્ણતા માટે પ્રવૃત્ત રહે છે અને આરંભથી જ નક્કી કરી રાખેલા નિયમ અનુસાર શાશ્વત સમાથી સચ્ચિદાનંદમાં યા તો અમૃતત્ત્વમાં પૂર્ણાહુતિ પામતી ને ક્રમે ક્રમે વિકાસ પામતી જતી સંવાદિતા જીવોના જગતમાં સર્જે છે. આખા જગતના આન્દોલનમાં નિવાસ કરી રહેલો આત્મા ઈશ્વર સ્વરૂપે આ દૃષ્ટિબિન્દુથી બધુ જુએ છે. વ્યક્તિભાવ પામેલા જીવે અહંભાવી માનવી દૃષ્ટિબિન્દુ બદલવાનું છે ને એને સ્થાને દિવ્ય ને પરમની વિશ્વમયી દૃષ્ટિથી જોવાનું છે અને આ અનુભવને જીવનમાં જીવતો બનાવવાનો છે.

એટલા માટે પરાત્પર પરમ પુરુષનું જ્ઞાન જરૂરી છે. એ પુરુષોત્તમ જ એકમાત્ર એકતા છે. **सोऽहम्** હું તે પરમાત્મા છું, એ સમીકરણમાં જે જ્ઞાન છે તેમાં રહી પોતાના સચેતન સ્વરૂપનો વિસ્તાર કરી સમગ્ર વિશ્વમાં વ્યાપેલી બહુમયતાને પોતાના આલિંગનમાં લેવાની છે.

આ છે દ્વિગુણ અથવા તો સમન્વય કરતો ઈશોપનિષદનો આદર્શ; એમાં વિદ્યાને ને અવિદ્યાને, એકસ્વરૂપને ને બહુમયને એક સાથે સ્વીકારાય છે; જગતમાં રહ્યા છતાં મૃત્યુના સંકેતને અમૃતત્વમાં બદલી નાખવાનો છે; અસંભૂતિ (જન્મરહિતતા) ની મુક્તિ અને શાન્તિની સાથોસાથ સંભૂતિ (જન્મ)ની પ્રવૃત્તિ આપણી બનાવી દેવાની છે. (શ્લોક ૯-૧૪)

નિમ્ન સ્વભાવના સઘળા ભાગોએ આ સાક્ષાત્કારને સંમતિ આપવી જોઈએ; બુદ્ધિની દૃષ્ટિથી જોવું પૂરતું નથી. હૃદયે વિશ્વવ્યાપી પ્રેમ અને આનંદની અનુભૂતિને અનુમોદન આપવું જોઈએ, ઇન્દ્રિયગત મને સર્વત્ર રહેલા પ્રભુના ને આત્માના સંવેદનને સંમત બનવું જોઈએ, પ્રાણે જગતમાં સઘળાં લક્ષ્યોની ને શક્તિઓની અવધારણા પોતાના સ્વભાવના ભાગ રૂપે કબૂલવી જોઈએ.

**ક્રિયાશીલ મહાસુખ**

આ સાક્ષાત્કાર પરિપૂર્ણ અને સમગ્ર મહાસુખ હોય છે ને તે કર્મનો અંગીકાર કરે છે તે છતાં શોક અને મોહમાંથી મુક્ત હોય છે.

ત્યાં મોહની શક્યતા જ હોતી નથી; કેમ કે સમસ્ત અસ્તિત્વની પાછળ અજ્ઞેય રહેલો છે એવી જ્ઞાનદૃષ્ટિ જીવને પ્રાપ્ત થયેલી હોય છે, સંભૂત જગતની



ઉપરની એની આસક્તિ સાવ ટળી ગઈ હોય છે, વિશ્વમાંની કોઈ ખાસ વસ્તુને એ નિરપેક્ષ મૂલ્ય આપતો નથી, ને એ જાણે સ્વયં કંઈક છે ને એને પોતાને ખાતર ઈચ્છવાજોગ છે એવું માનતો નથી. બધું જ આનંદભોગ્ય છે ને એ આત્માનો આવિર્ભાવ છે ને એની અંદર આવિર્ભાવ પામેલા આત્માને ખાતર નહીં કે એને પોતાને ખાતર એ મૂલ્યવાન બને છે.[1] કામના અને મોહ દૂર થઈ ગયેલાં હોય છે; મોહને સ્થાને જ્ઞાન હોય છે, કામનાને સ્થાને વિશ્વના સ્વામિત્વમાંથી જન્મતો ક્રિયાશીલ પરમાનંદ હોય છે.

શોકની શક્યતા જ હોતી નથી, કેમ કે બધું સચ્ચિદાનંદમય દેખાય છે અને તેથી અનંત ચિન્મય સત્, અનંત ચિત્-શક્તિ અનંત સુખ બની ગયેલું હોય છે. દુઃખ અને શોક પણ આનંદનું વિકૃત સ્વરૂપ છે એવું જણાય છે, અને જે આનંદને તેઓ આવરણ બની છુપાવી રહ્યાં છે અને જેને માટે તેઓ નિમ્ન સ્વભાવને તૈયાર કરી રહ્યાં છે તે આનંદ આ રીતે મુક્ત થયેલા ને પૂર્ણતા પામેલા જીવનો બની ગયેલો જ હોય છે. ઉત્ક્રાન્તિની ક્રિયામાં જે દુઃખ આવે છે તે સર્વ બલ અને બ્રહ્મસુખ માટેની તૈયારી રૂપ હોય છે. દુઃખ અને શોક જે સનાતન સત્સ્વરૂપના આભાસો છે તે સત્સ્વરૂપ જીવને પ્રાપ્ત થઈ ગયેલું હોય છે.

આવી રીતે બ્રહ્મના પૂર્ણ જ્ઞાનની અવસ્થામાં ઈશ અને જગતની જે એકતા અનુભવાય છે તે વડે કામના અને મોહનો પરિત્યાગ શક્ય બને છે, કેમ કે જીવ આરોહણ કરીને વિશુદ્ધ આત્માની અને અસંભૂતિની અવસ્થાએ પહોંચેલો હોય છે ને સર્વ ભુવનોમાં સચ્ચિદાનંદ સાથેના મુક્ત અને પ્રકાશમાન અદ્વૈત દ્વારા સર્વ વસ્તુઓ ઈશના આવિર્ભાવ રૂપ છે એવું જાણીને વિશ્વમાં પ્રભુનો આનંદ અનુભવવાને સમર્થ બને છે.

**અનુ. શ્રી પૂજાલાલ** **શ્રી અરવિન્દ**

(ઈશોપનિષદ પૃ. ૩૦ થી ૩૮)

**1** બૃહદારણ્યક ઉપનિષદ

# આત્મસાક્ષાત્કારનું પ્રથમ સોપાન

## આત્માની શોધ

આપણે જે છે તે બની રહેવું, અહંકારથી મુક્ત થઈ આપણા સત્ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ છે પ્રથમ જરૂરિયાત, બાકીનું સર્વ કંઈ એના પ્રકાશમાન પરિણામ સ્વરૂપ, અનિવાર્ય એવા અંત રૂપે પ્રાપ્ત કરી શકાય છે. અને આ કારણે જ આધ્યાત્મિક પુકારનો સ્વીકાર અનિવાર્યપણે થવો જોઈએ, અને અજ્ઞાનના પ્રદેશના બીજા પુકારો, જેમ કે, બુદ્ધિશાળી, નિતિમય, સામાજિક કરતાં આધ્યાત્મિક પુકારને અગ્રતા આપવી જોઈએ.... પ્રથમ સોપાન છે, આત્માની શોધ, વિચાર, લાગણી અને કામનાનો બાહ્ય આત્મા નહિ, પરંતુ ગુહ્ય ચૈત્ય વાસ્તવિક્તા, આપણી અંદર રહેલું દિવ્ય તત્ત્વ.... આ છે આત્મસાક્ષાત્કારનું પ્રથમ સોપાન, આત્માનો રાજ્યાભિષેક –હૃદયસિંહાસન પર આત્માની સ્થાપના.

**શ્રી અરવિન્દ**

(Cent. ed. Vol-18, P-630-31)

☆

દરેક મનુષ્યની અંદર, તેના સામાન્ય જીવનમાં વ્યક્ત થતી ચેતના કરતાં પણ એક વિશેષ મહાન ચેતનાની શક્યતા ગુપ્ત રીતે આવી રહેલી હોય છે. એ બૃહત્ ચેતના દ્વારા માણસ એક વધુ ઉચ્ચ અને વધુ વિશાળ જીવનની અંદર ભાગ લેતો થઈ શકે છે. અને હકીકત પણ એવી છે કે, જગતની અંદર જે જે અસાધારણ વ્યક્તિઓ થયેલી છે તેમના જીવનમાં આ બૃહત્ ચેતના જ હમેશાં મુખ્ય ભાગ ભજવતી હોય છે. તેમના જીવનનું નિયંત્રણ એ ચેતના જ કરતી હોય છે, તેમ જ તેમના જીવનની જે પરિસ્થિતિ હોય છે અને એ પરિસ્થિતિ પ્રત્યે તે વ્યક્તિઓ જે પ્રત્યાઘાત આપતી હોય છે તેનું નિર્માણ પણ એ જ ચેતના કરતી રહે છે.

માનવનું મન સામાન્ય રીતે જે વસ્તુઓ જાણતું નથી હોતું તેમ જ કરી શકતું નથી હોતું તે વસ્તુઓ આ ચેતના જાણતી હોય છે અને કરી શકતી હોય છે. એ ચેતના જાણે કે એક જ્યોતિની માફક આપણા સ્વરૂપના કેન્દ્રની અંદર બેઠેલી છે અને આપણી બાહ્ય ચેતનાનાં ગાઢ આવરણ ભેદીને તે પોતાનો પ્રકાશ રેલાવતી રહે છે.

☆



આ તત્ત્વની પ્રાપ્તિનું કામ એ વ્યક્તિનું પોતાનું જ કામ રહે છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે વ્યક્તિએ પોતે એક મહાન નિશ્ચય કરવાનો રહે છે, એક પ્રબળ સંકલ્પશક્તિ કેળવવાની રહે છે, અને એક અખૂટ ખંતથી તેમાં મચ્યા રહેવાનું રહે છે. આમ, આપણે કહી શકીએ કે આ વિષયમાં દરેક વ્યક્તિએ પોતાની આગવી મુશ્કેલીઓમાંથી પોતાનો આગવો માર્ગ રચી લેવાનો રહે છે.

☆

આ વિષયમાં પ્રથમ તો તમારે તમારી પોતાની અંદર એક એવું તત્ત્વ શોધવાનું છે જે તમારા શરીરથી, તમારા જીવનની પરિસ્થિતિમાંથી તદ્દન સ્વતંત્ર જ છે. એ તત્ત્વ, તમારા મનને જે ઘાટ મળેલો છે તેમાંથી કાંઈ જન્મતું નથી. તમે જે ભાષા બોલો છો, તમારી આસપાસના વાતાવરણમાં જે રૂઢિઓ અને રિવાજો હોય છે, તમે જે દેશમાં જન્મ્યા હો છો, તમે જે યુગમાં આવેલા હો છો તે બધાથી તે એક નિરાળું સ્વતંત્ર તત્ત્વ છે. એ તત્ત્વ કંઈ આ બધામાંથી જન્મતું નથી. તમારી અંદર, તમારા સ્વરૂપની અંદર ઊંડે ઊંડે એક એવું તત્ત્વ આવેલું છે કે જે વિશ્વરૂપતાથી ભરેલું હોય છે, જેના વિસ્તારને કશી મર્યાદા હોતી નથી. અને જેનું સાતત્ય અખંડ અને નિરવધિ રીતે ચાલ્યા કરતું હોય છે. એ તત્ત્વને તમારે શોધી લેવાનું રહે છે. આ તત્ત્વ પ્રાપ્ત કર્યા પછી તમે હવે તમારી જાતને તમારા કેન્દ્રમાંથી બહાર ફેલાવવાનું કાર્ય શરૂ કરો, તમારી જાતનો તમે વિસ્તાર કરતા થાઓ, તેને વિશાળ કરતા થાઓ. એમ કરતાં તમે હરેક વસ્તુની અંદર, સર્વ પ્રાણીઓની અંદર નિવાસ કરવા લાગશો, વ્યક્તિઓને એકબીજાથી છૂટા પાડી રહેલી દીવાલો હવે તૂટવા લાગશે. તમે અન્ય લોકોના ચિત્તમાં પ્રવેશી તેમના ચિત્તની અંદર વિચાર કરવા લાગશો, તેમનાં સંવેદનોના ધબકારામાં ધબકવા લાગશો, તેમની લાગણીઓને તમે અનુભવવા લાગશો, તમે સર્વના જીવનમાં જીવતા થઈ જશો. અત્યાર સુધી જે કોઈ વસ્તુ નિષ્ક્રિય દેખાતી હતી તે હવે એકાએક જીવનથી સભર બની જાય છે, પથ્થરોમાં પ્રાણ પ્રગટવા લાગે છે, વનસ્પતિ હવે સંવેદન ઝીલતી બને છે, તેનામાં સંકલ્પ જાગે છે, તે વ્યથા અને હર્ષ અનુભવવા લાગે છે. પ્રાણીઓ હવે બોલવા લાગે છે. એમની વાણી એ ઘણુંખરું મૌનની વાચા હોય છે તોપણ તે સ્પષ્ટ હોય છે, પોતાને કહેવાનું કહી શકતી હોય છે. હવે હરેક વસ્તુ સ્થલ અને કાલથી મુક્ત અને પર એવી એક અદ્‌ભુત ચેતનાથી ધબકવા લાગે છે. અંતરાત્માના સાક્ષાત્કારની આ તો માત્ર એક જ બાજુ છે. એ સાક્ષાત્કારનાં આ સિવાય પણ બીજાં ઘણાં સ્વરૂપો છે. આ બધા સાક્ષાત્કારો તમને તમારા અહંકારના વાડામાંથી ખેંચીને બહાર લઈ જશે, તમારા બાહ્ય વ્યક્તિત્વની દીવાલોમાંથી તમને બહાર લઈ જશે. તમારા આઘાત

પ્રત્યાઘાતોમાં રહેલી નિર્બળતાને, તમારા સંકલ્પમાં રહેલી અશક્તિને તે નિવારી આપશે.

પરંતુ હું જણાવી ગઈ છું કે આ સાક્ષાત્કારમાં પહોંચવાનો માર્ગ લાંબો છે, વિકટ છે. એ માર્ગ ઉપર અનેક ફંદાઓ, અનેક પ્રશ્નો પડેલા છે. એ બધાને પહોંચી વળવા માટે તમારે હરેક કસોટી અને પરીક્ષામાં ટકી શકે તેવા નિશ્ચય-બળની જરૂર રહેશે. કોઈ અજાણ્યા મુલકની શોધ માટે કોઈ સાહસિક પ્રવાસી ગાઢ જંગલોને વીંધતો વીંધતો પ્રવાસ ખેડે, કોઈ મહાન પ્રદેશની શોધ આરંભે તેના જેવું આ છે. અંતરાત્માને પ્રાપ્ત કરવો એ પણ એક આવી જ મહાન શોધ આદરવા જેવું છે. નવા ખંડોની શોધખોળ માટે જે ધીરજ અને સહનશક્તિની જરૂર પડે છે તેવી જ ધીરજ અને સહનશક્તિ અહીં પણ જરૂરનાં છે. આ શોધ આદરવાનો જેમણે નિશ્ચય કર્યો હશે તેવા પ્રવાસીઓ માટે સલાહના શબ્દો ઉપયોગી નીવડશે. આ રહ્યા એ થોડાક શબ્દો.

તમારે પ્રથમ તો એ યાદ રાખવાનું છે કે આધ્યાત્મિક વસ્તુઓનો નિર્ણય તમે મન દ્વારા કદી પણ કરી શકવાના નથી. એ એક અશક્ય વસ્તુ છે, અને આ મુદ્દો તમારે કદી પણ ભૂલવાનો નથી. જેમણે જેમણે યોગ વિશે કંઈ લખ્યું છે તે સૌએ આ વસ્તુ કહેલી છે. પરંતુ આનો અમલ બહુ થોડાકે જ કર્યો છે. તેમ છતાં, તમારે આ માર્ગમાં આગળ વધવું હશે તો તમે કોઈ પણ પ્રકારનો માનસિક નિર્ણય ન લો, માનસિક અભિપ્રાય ન બાંધો, અને મનોમય રીતનો પ્રત્યાઘાત ન સેવો એ અત્યંત આવશ્યક છે.

તમારા અંગત આરામ માટેની, અંગત ઇચ્છાની તૃપ્તિની, આનંદવિનોદની કે સુખોપભોગની હરેક રીતની ઝંખના તજી દો. તમારી ઝંખના માત્ર એક જ હોવી જોઈએ : પ્રગતિ. એ ઝંખનાનો અગ્નિ તમારા અણુએ અણુમાં સળગી ઊઠવો જોઈએ. તમને જે કાંઈ વસ્તુ મળી આવે તેને તમારી પ્રગતિમાં એક મદદ તરીકે ગણી લો અને તમારે કરવાની પ્રગતિ એકદમ કરી લો.

તમે જે કાંઈ કરતા હો તે બધામાં આનંદ લેવાનો પ્રયત્ન કરો. પરંતુ કોઈ પણ ચીજ આનંદને ખાતર ન કરશો. કદી પણ ઉશ્કેરાઈ ન જશો, ગભરાઈ ન જશો, મૂંઝાઈ ન જશો. હરકોઈ પરિસ્થિતિમાં, તમામ પરિસ્થિતિમાં સંપૂર્ણ શાંત રહો. અને છતાં હમેશાં જાગૃત રહી એ વસ્તુ જાણી લેજો કે તમારે હજી કેટલી પ્રગતિ કરવાની છે અને એ પ્રગતિ કરી લેવામાં લેશ પણ વખત ગુમાવશો નહિ.

બાહ્ય બનાવોને તે દેખાય છે તે રીતના કદી સમજશો નહિ. એ બનાવો તો કોઈ એક બીજી વસ્તુને જ પ્રગટ કરવા માટેના એક કઢંગા પ્રયત્ન જેવા હમેશાં હોય છે. એનું પાછળનું સત્ય કાંઈ જુદું જ હોય છે અને તમારી ઉપરછલ્લી સમજશક્તિની પકડમાં ભાગ્યે જ આવે છે.



કોઈના પણ વર્તન વિશે કદી પણ ફરિયાદ ન કરશો. એ માણસની પ્રકૃતિ જે કારણે આ પ્રમાણે વર્તન કરતી હોય છે તે વસ્તુને બદલી શકવાની તમારામાં શક્તિ હોય તો જ ફરિયાદ કરવી, અને જો તમારામાં એવી શક્તિ હોય તો તો પછી એ ફરિયાદ કરવાને બદલે એ માણસને જ બદલી નાખો.

તમે ગમે તે કામ કરો, પરંતુ તમારી સમક્ષ તમે જે લક્ષ્ય રાખેલું છે તે કદી ન ભૂલશો. તમે આ જે મહાન શોધ હાથ ધરી છે તેની સાધનાની અંદર કોઈ પણ વસ્તુ મોટી નથી કે નાની નથી. એમાં હરેક વસ્તુ એકસરખા મહત્ત્વની છે. અને તમારી સાધનાની વિજય તરફની ગતિને તે વધારી શકે છે, યા તો ઘટાડી શકે છે. આ રીતે જોતાં તમે જ્યારે જમવા બેસો ત્યારે શરૂઆતમાં થોડીક ક્ષણો ધ્યાનમાં એકાગ્ર થજો અને એ રીતની અભીપ્સા કરજો કે તમે જે ખોરાક લેવાના છો તેમાંથી તમારા શરીરને માટે જરૂરી એવી બધી સામગ્રી મળી રહે. એ ખોરાક તમારા મહાન ધ્યેયની સાધના માટે શરીરને એક નક્કર આધાર રૂપ બનાવી આપે અને એ સાધનામાં સતત ટકી રહેવાની તેમ જ અખંડ ખંતની શક્તિ તમને આપે.

તમે રાત્રે સૂવા જાઓ તે પહેલાં પણ થોડીક ક્ષણો તમે ધ્યાનમાં એકાગ્ર થજો અને એ રીતની અભીપ્સા કરજો કે તમારી નિદ્રા તમારા થાકેલા જ્ઞાનતંતુઓને પાછા તાજા કરી આપે, તમારા મગજને શાંતિ અને સ્વસ્થતા આપે, અને જાગૃત થયા પછી તમે પાછા નવી શક્તિથી સજ્જ બનીને તમારા મહાન ધ્યેય પ્રત્યેની તમારી યાત્રા ફરી પાછી શરૂ કરી શકો.

તમે કાંઈ પણ કર્મ કરો તે પહેલાં એકાગ્ર બનીને એ સંકલ્પ કરશો કે તમારું એ કર્મ તમારા મહાન ધ્યેય પ્રત્યેની તમારી કૂચની અંદર તમને મદદ રૂપ થઈ પડે, અથવા તો એ આ કૂચમાં વિઘ્ન રૂપે તો ન જ થાય.

તમે કાંઈ પણ બોલો, તમારા મોંમાંથી શબ્દો બહાર આવે તે પહેલાં ઘડીભર એકાગ્ર થઈને તમે જે કાંઈ બોલવાના હો તે શબ્દોની જરા તપાસ કરી લેશો, અને તમારા મહાન ધ્યેયના માર્ગે પ્રગતિ કરવા માટે અત્યંત જરૂરના હોય, અને બીજી કોઈ પણ રીતે તમારી પ્રગતિને હાનિકારક ન હોય એટલા શબ્દો જ તમે બહાર આવવા દેશો.

ટૂંકમાં, તમારા જીવનનો હેતુ, તમારા જીવનનું લક્ષ્ય તમે કદી પણ વીસરશો નહિ. આ મહાન તત્ત્વની પ્રાપ્તિ માટેનો મહા સંકલ્પ, પ્રકાશના કોઈ મહા પક્ષી જેવો, તમારા ઉપર હમેશ ઘૂમતો રહેવો જોઈએ. તમે જે કાંઈ કરતા હો, તમે જે કોઈ અવસ્થામાં હો, તમારી સર્વ ક્રિયાઓ ઉપર એ ધ્યેય રૂપી મહા ગરુડ પોતાનો પડછાયો પાથરતો સદાયે ચક્કર લગાવતો રહેવો જોઈએ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૨ પૃ. ૩૬ થી ૪૩)

प्रकरण सातमुं

# आर्य योद्धानो धर्म

(ओक्टोबर-०९ अंकथी चालु)

તારા જેવા ક્ષત્રિયને માટે એવી અપકીર્તિ કરતાં કઈ વસ્તુ વધારે દુઃખકારક હોઈ શકે ? પોતાની કીર્તિનો અને માનનો અભાવ, સમર્થ અને વીર પુરુષનું જે અગ્રસ્થાન તે ગુમાવવું એ મરણ કરતાં તો કયાંયે વધારે મોટી હાનિ છે. સંગ્રામ, વીરતા, સામર્થ્ય, પ્રભુત્વ, વીર પુરુષ તરીકેની કીર્તિ, સંગ્રામમાં લડતાં ખપી જવાય તો સ્વર્ગની પ્રાપ્તિ, એ ક્ષત્રિય જીવનનો આદર્શ છે. આ મહાન આદર્શને હલકો પાડવો, પોતાની આબરૂને કલંક લાગવા દેવું, વીર પુરુષોમાંના એક અનુપમ વીર હોવા છતાં પોતાના નામને નિર્બળતાનો બટ્ટો લાગવા દેવો, બાયલાપણાનું તહોમત મુકાવા દેવું અને આ રીતે માનવજાતિનાં નૈતિક ધોરણને નીચું પડવા દેવું એ તો તારા પોતાના અંતરાત્મા પ્રત્યે, તથા જગતની જરૂરિયાત પ્રત્યે, પોતાના નેતા પાસે અને રાજા પાસે સહાય માટે માનવજાતિ સાદ કરી રહી છે તેના પ્રત્યે, બેવફા થવું જ ગણાય. હણાશે તો તું સ્વર્ગને પ્રાપ્ત કરશે, વિજયી થશે તો પૃથ્વીનો ભોગ કરશે, માટે હે કુંતીપુત્ર, યુદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કરીને ઊભો થા.'

વીરતાને જાગ્રત કરનાર આ અનુરોધ પહેલાં શ્રીકૃષ્ણે અર્જુનના સામાજિક ધર્મ અને આદર્શ પર આધાર રાખીને જે આદેશ આપ્યો હતો તેના કરતાં, તથા ભવિષ્યનાં પ્રકરણોમાં આવનારી ગહન આધ્યાત્મિકતા કરતાં કાંઈક નીચી ભૂમિકાનો આશ્રય લેતો જણાય છે. કારણ કે ઉપર જે શ્લોકનું અવતરણ આપ્યું છે તેની પછીના જ શ્લોકમાં ગુરુ અર્જુનને સુખ અને દુઃખ, લાભ અને હાનિ, જય અને પરાજય વગેરે દ્વંદ્વો પ્રત્યે પોતાના અંતરમાં સમતા કેળવીને પછી, યુદ્ધ કરવાનું કહે છે. એ જ ગીતાનો સાચો બોધ છે. પરંતુ હિંદની સંસ્કૃતિમાં માનવના નૈતિક અને આધ્યાત્મિક જીવનની ઉન્નતિ સાધવા માટે ક્રમેક્રમે ચડતા ઊતરતી યોજનાની વ્યવહારુ જરૂર હમેશાં સ્વીકારવામાં આવેલી છે. અહીં ક્ષત્રિયનો આદર્શ, ચાતુર્વર્ણનો આદર્શ એના સામાજિક સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો છે, પાછળથી એમાં જે આધ્યાત્મિક રહસ્ય મૂકવામાં આવ્યું છે તે અહીં પ્રગટ કરવામાં આવ્યું નથી. જો તું સુખ અને દુઃખના અનુભવનો આગ્રહ કરતો હોય, અને કર્મના ફળની કામનાને કર્મના ઉદ્દેશ્ય તરીકે સ્વીકારતો હોય તો તને મારો ઉત્તર આ પ્રમાણે છે. આત્માનું અને વિશ્વનું આધ્યાત્મિક જ્ઞાન કઈ દિશામાં માર્ગદર્શન કરે છે તે મેં તને કહેલું જ છે. અહીં હું તારી સામાજિક ફરજ



અને ક્ષત્રિય વર્ણના આદર્શનું ધોરણ તને કઈ દિશામાં દોરે છે તે જણાવું છું - 'स्वधर्म अेचावक्ष्यि'. ગમે તે દૃષ્ટિએ તું વિચાર કરશે તો પણ પરિણામ એક જ આવે છે. પરંતુ જો તને તારી સામાજિક ફરજથી અને ક્ષત્રિય વર્ણના આદર્શથી સંતોષ ન થતો હોય, તને એમ લાગતું હોય કે એ બન્ને તને પાપમાં અને શોકમાં દોરી રહ્યાં છે તો હું તને અધમ નહિ પણ ઊંચા દૃષ્ટિબિંદુનો સ્વીકાર કરવાનો આદેશ આપું છું. સર્વ પ્રકારની અહંતાને તારામાંથી દૂર કરી દે, સુખ અને દુઃખ પ્રત્યે ઉદાસીન થઈ જા, લાભ અને હાનિ જેવાં ઐહિક પરિણામો પ્રત્યે સમત્વયુક્ત થઈ જા, પ્રભુની આજ્ઞાથી જે મહાન કાર્યની, જે મહાન આદર્શની સેવા તારે કરવાની છે, જે ધર્મની સેવા તારે બજાવવાની છે, તેના પ્રત્યે તું નજર કર. 'એ રીતે તને પાપ નહિ લાગે.' આ પ્રમાણે પોતાના અંતરમાં થયેલા શોકનું કતલના કાર્યની ઘૃણાનું, પોતાને થતી પાપની લાગણીનું, પોતાનાં કર્મનાં દુઃખકારી પરિણામનું જે બહાનું અર્જુને આપ્યું હતું તેનો ઉત્તર ઉચ્ચમાં ઉચ્ચ જ્ઞાનની દૃષ્ટિએ તથા સમાજના અને જમાનાના ઊંચામાં ઊંચા નૈતિક આદર્શ પ્રમાણે અપાયો છે.

આર્ય યોદ્ધાનો ધર્મ તેને કહે છે : 'ઈશ્વરને ઓળખ, તારા આત્માનો સાક્ષાત્કાર કર, માનવને સહાય કર; ધર્મની રક્ષા કર, જીવનરૂપી સંગ્રામમાં યુદ્ધ કરવાનું તારું કર્તવ્ય ભય, નિર્બળતા કે સંદિગ્ધતા વિના બજાવ. તું શાશ્વત, અવિનાશી આત્મા છે, તારો આત્મા અહીં આ જગતમાં અમરતા પ્રત્યે ઊર્ધ્વમાં યાત્રા કરી રહ્યો છે; જીવન અને મરણ કોઈ ચીજ નથી. શોક, ઘા, દુઃખ કશી વિસાતમાં નથી, કારણ કે એ વસ્તુઓ પર તારે વિજય મેળવવાનો છે, એમનાથી તારે પર થવાનું છે. તારા પોતાના સુખ પ્રત્યે, તારા અંગત લાભ પ્રત્યે નહિ પરંતુ તારાથી ઊર્ધ્વમાં અને તારી આજુબાજુ દૃષ્ટિ રાખ, ઊંચે આત્માના જ્યોતિર્મય પ્રદેશ પ્રત્યે, અને આજુબાજુ જગતમાં ચાલી રહેલા સંગ્રામ પ્રત્યે, જેમાં સારું-નરસું, પ્રગતિ અને પીછેહઠ, સામસામે દારુણ યુદ્ધમાં પરોવાયેલાં છે. માનવજાતિ તને પોકારે છે, એના સમર્થ નેતા તરીકે, વીર યોદ્ધા તરીકે સહાય માટે તને પોકારી રહી છે; માટે તેને સહાય કર, યુદ્ધ કર. વિનાશ કરવાથી જગતની પ્રગતિ થતી હોય તો વિનાશ કર, પરંતુ જેનો વિનાશ કરે તેનો દ્વેષ ન કર, તેમ તારે હાથે જે વિનાશ પામે તેને માટે શોક ન કર. સર્વત્ર એક જ આત્મા રહેલો છે તેને જાણ. સઘળા આત્મા સ્વરૂપે અમર છે એ સત્યનો સાક્ષાત્કાર કર, શરીર તો માટી છે એ સમજી લે. તારું કર્તવ્ય છે તે સ્થિરભાવે, દૃઢતાપૂર્વક, સમતાપૂર્વક કર્યે જા; યુદ્ધ કર અને એમાં વીરને છાજે એવી વીર ગતિને પ્રાપ્ત કર. અથવા તો સામર્થ્યપૂર્વક વિજય મેળવ, કારણ કે પ્રભુ તરફથી અને તારી પોતાની પ્રકૃતિ તરફથી એ કાર્ય તને સોંપાયેલું છે.'' ***(ક્રમશઃ)***

***શ્રી અરવિન્દ***

(ગીતાનિબંધો પૃષ્ઠ ૭૭ થી ૭૯)

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે શ્રી અરવિન્દ સોસાયટીના સ્થાપના દિન, ૧૯ સપ્ટેમ્બર થી ૨૭ સપ્ટેમ્બર (નવરાત્રિ) દરમિયાન શ્રી અમલ કિરણે વાંચેલા 'સાવિત્રી' મહાકાવ્યની C.D. સાથે 'સાવિત્રી' વાંચનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અભીપ્સુ સાધકોએ સારી સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લીધો. નવરાત્રિ નિમિત્તે, Women's Council દ્વારા માતૃસ્તુતિ, દુર્ગાસ્તોત્રનું વાંચન તેમ જ તારીખ ૨૦, ૨૩, ૨૪ ને ૨૬ સપ્ટેમ્બરના રોજ ગરબાના કાર્યક્રમો રાખવામાં આવ્યા, જેમાં બહેનોએ સારી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો.

૨૯, સપ્ટેમ્બર, શ્રી અરવિન્દ નિવાસના સ્થાપના દિન નિમિત્તે નિવાસ પર ધ્યાન તેમ જ 'સાવિત્રી' મહાકાવ્યમાં આવતું દુર્ગાનું વર્ણન વિષયક પંક્તિઓનું વાંચન કરવામાં આવ્યું. એ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ પટેલે શ્રી અરવિન્દ સોસાયટી, સંસ્થા વિશે માહિતીસભર વક્તવ્ય રજૂ કર્યું.

☆

શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા તારીખ ૦૮.૦૮.૦૯ ના રોજ 'રાજા અશ્વપતિનો યોગ' વિષય પર એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરસંચાલન શ્રી ભારતસિંહજી ઝાલાએ કર્યું.

તા. ૦૯.૦૮.૦૯ ના રોજ કેન્દ્રના સ્થાપનાદિન પ્રસંગે શ્રી જ્યોતિબહેન થાનકી લિખિત પુસ્તક 'સમગ્ર જીવન યોગ છે' નું વિમોચન કરવામાં આવ્યું. શ્રી ગોવર્ધનભાઈ દવે તથા શ્રી ભારતસિંહ ઝાલાએ પ્રસંગોચિત વક્તવ્યો રજૂ કર્યાં.

ગાંધીનગર કેન્દ્ર દ્વારા 'સર્વાંગી શિક્ષણ' પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર, મહેસાણા ને માણસા મુકામે બી.એડ તથા પી.ટી.સી. કોલેજમાં કુલ ૬ પરિસંવાદોનાં આયોજનો કરવામાં આવ્યાં. કુલ ૧૧૦૦ તાલીમાર્થીઓ ને ૨૨૦ શિક્ષકોએ પરિસંવાદોમાં ભાગ લીધો.

☆

૨૧ થી ૨૩ નવેમ્બર દરમિયાન; બીચ ઓફિસ પોંડિચેરી મુકામે Women's Council દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવનાર છે. વિષય 'Energy turned towards the Divine' સૌને ભાગ લેવા નિમંત્રણ છે.



શ્રી અરવિન્દાયન, કપડવણજમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૦૯, શ્રી અરવિન્દના જન્મદિન નિમિત્તે તેજસ્વી વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રકોથી સન્માનવાના કાર્યક્રમનું આયોજન, આચાર્ય શ્રી કે. એસ. યાદવ, મેમોરિયલ ટ્રસ્ટના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી પૂર્ણિમાબહેન દિલીપભાઇ શાહે, પ્રાર્થના રજૂ કરી. સંસ્થાના અધ્યક્ષ શ્રી તખ્તસિંહ બી. ઝાલાએ આમંત્રિતો તથા વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું. મુખ્ય મહેમાન શ્રી પરમાનંદ સરસ્વતીજીએ 'શ્રી અરવિન્દનો પૂર્ણયોગ' વિષય પર મનનીય વક્તવ્ય રજૂ કર્યું. તેઓશ્રીએ પતંજલ યોગથી પૂર્ણયોગ કઈ રીતે વિશિષ્ટ છે તેની સમજ આપી. ડૉ. પુષ્પાબહેન ભટ્ટે પણ શ્રી અરવિન્દના પૂર્ણયોગની વિશિષ્ટતાઓ સમજાવી. કાર્યક્રમનું સંચાલન શ્રી કેશુભાઇ પટેલ અને શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાયે કર્યું. આભારવિધિ શ્રી જયંતભાઈ કે પટેલે કરી.

☆

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, નડિયાદ દ્વારા તા. ૨૩.૦૯.૦૯ના રોજ નડિયાદના રીમાન્ડ હોમ માં બાળકો માટેની શૈક્ષણિક શિબિરનું આયોજન શ્રી નાનશા પંડિતના સંચાલન હેઠળ કરવામાં આવ્યું. શિબિરમાં ૨૫ બાળકોને, સમૂહ પ્રાર્થના, મંત્રોચ્ચાર, ચિત્રકામ, 'આદર્શ બાળક' અને 'આરોગ્યકારક ટેવો' માંથી વાંચન વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. શ્રીમતી પ્રભાબહેન ચાવડા, શ્રી ગોવિંદભાઈ ચાવડા અને મિનલબહેન શાહે શિબિરસંચાલનમાં સહાય કરી. બાળકોને કાર્યક્રમને અંતે બિસ્કીટ, 'આદર્શ બાળક' અને 'આરોગ્યકારક ટેવો' પુસ્તિકાઓ તથા રીમાન્ડ હોમ ને 'અમને શ્રી અરવિન્દની વાત કહો' અને 'અમને શ્રી માતાજીની વાત કહો' પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં.

તા. ૨૬.૦૯.૦૯ ને દુર્ગાષ્ટમી નિમિત્તે કેન્દ્ર પર 'મા' પુસ્તકનું વાંચન તેમજ 'દુર્ગાસ્તોત્ર' ના સમૂહગાનનો કાર્યક્રમ થયો. શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શતાબ્દી તથા શ્રી અરવિન્દ સોસાયટીની સુવર્ણજયંતી નિમિત્તે કેન્દ્ર દ્વારા તા. ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન સાંજના ૫ થી ૮ કલાક સુધી Life Divine વિષય પર આચાર્યા શ્રીમતી રંજનબહેન વૈદ્યના વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રના સભ્યો તથા નડિયાદના નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી શ્રીમતી રંજનબહેનની સરળ ભાષામાંની રજૂઆત માણી. કાર્યક્રમોમાં વચ્ચે ૧૫ મિનિટનો અવકાશ રાખી શ્રોતાઓને ચા બિસ્કીટ આપવામાં આવ્યા હતા.

☆

## નવાં પ્રકાશનો

**સુન્દરમ્ : પૂર્ણયોગના પ્રકાશમાં :** લે. કિરીટ ઠક્કર : પ્રકાશક : શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા-૧ ફોન : ૦૨૬૫-૨૪૧૮૯૭૮. પૃષ્ઠ સંખ્યા ૩૧૧+૧૯=૩૩૦. સારા મેપલીથો કાગળ પર સુંદર છાપકામ, સુઘડ બાંધણી. આકર્ષક મુખપૃષ્ઠ. મૂલ્ય : રૂા. ૧૦૦/- સુન્દરમ્‌ના આંતર-બાહ્ય સત્ત્વનો અંતરંગ પરિચય કરાવતું, સાધક સુન્દરમ્‌ને ઉજાગર કરતું અનેરું ચરિત્રલેખન. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. પુસ્તકને સાધકવર્ગ ઉપરાંત સાહિત્ય જગતમાં પણ સુંદર પ્રતિભાવ સાંપડ્યો છે.

☆

**મારી અધ્યાત્મયાત્રા – My Pilgrimage to the Spirit** મૂળ અંગ્રેજીનો ભાવાનુવાદ. ડૉ. ગોવિન્દભાઈ પટેલના પુસ્તકનો ભાવાનુવાદ પ્રા. ડૉ. પુષ્પા ભટ્ટે કર્યો છે. પ્રકાશક : શ્રી પ્રકાશભાઈ ગોવિન્દભાઈ પટેલ, ૨, વિશાલ એપાર્ટમેન્ટ, મણીનગર (પૂર્વ) અમદાવાદ-૩૮૦ ૦૦૮ - ફોન : ૦૭૯-૨૨૧૬૩૬૨૯. પૃષ્ઠ સંખ્યા : ૧૨૫+૧૯ = ૧૪૪. ચાર રંગમાં આકર્ષક મુખપૃષ્ઠ. પુસ્તકની અંદર રંગબેરંગી છબીઓ સહિત. મૂલ્ય : રૂા. ૬૦/-. મૂળ અંગ્રેજી પુસ્તકની એકથી વધુ આવૃત્તિ શ્રી ગોવિન્દભાઈની હયાતીમાં થઈ હતી. પ્રથમ આવૃત્તિ વખતે શ્રી માધવ પંડિતે અંગ્રેજી પુસ્તક માટે આ મુજબ લખી જણાવ્યું હતું 'શ્રી અરવિન્દ અને શ્રી માને ધ્રુવ તારક રૂપે સ્વીકારીને ડૉ. ગોવિન્દભાઈએ જીવનનો જે પ્રવાહ સ્વીકાર્યો છે એનું રસાત્મક અને સૂચક વર્ણન આ પુસ્તકમાં છે.' ડૉ. પુષ્પા ભટ્ટની અનુભવી કલમે રસાળ ભાવાનુવાદ આપ્યો છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

❀❀❀

**Matter shall reveal the Spirit's face**

*Sri Aurobindo*

**૪ એપ્રિલ ૨૦૦૯ - ૪ એપ્રિલ ૨૦૧૦**

શ્રી અરવિન્દ પોંડિચેરી આગમનનું

શતાબ્દી વર્ષ

**૧૯ સપ્ટેમ્બર ૨૦૦૯ - ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૦**

શ્રી અરવિન્દ સોસાયટીનું સુવર્ણજયંતી વર્ષ

---

*૪ એપ્રિલ ૧૯૧૦ ના રોજ શ્રી અરવિન્દ માનવજાતિની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં એક નૂતન તબક્કાની શરૂઆત કરવા માટે પોંડિચેરી પધાર્યા હતા. એ તબક્કો હતો દુર્બોધતા, અંધકાર અને અજ્ઞાનનાં પરિબળોથી માનવજાતિની સામૂહિક મુક્તિનો.*



હે અગમ્ય શિખર, તારા ઉપર અમે અસ્ખલિત રીતે ચડતા રહીએ છીએ પણ તને કદી પહોંચી શકતા નથી, અમારા સ્વરૂપની હે અનન્ય વાસ્તવિકતા, તને અમે શોધી લીધી છે એમ અમે માની લઈએ છીએ પણ અમને જણાઈ આવે છે કે તું તો અમારાથી દૂર સરી ગયેલો છે; હે અદ્‌ભુત અવસ્થા તને અમે ગ્રહણ કરી લીધી છે એમ અમે ધારી લઈએ છીએ પરંતુ એ તો અમને દૂર, હંમેશાં વધુ ને વધુ દૂર લઈ જતી હોય છે, સદાયે અણશોધાયેલા રહેલાં ઊંડાણોમાં અને વિસ્તારોમાં. કોઈ એમ કહી શકતું નથી : મેં તને જાણ્યો છે, અને છતાં સૌ કોઈ તને પોતાની અંદર ધારણ કરી રહેલું છે, અને તેઓ પોતાના આત્માની નીરવતામાં તારા અવાજનો પડઘો સાંભળી શકે છે; પરંતુ આ નીરવતા પોતે જ ક્રમે ક્રમે આગળ વધી રહેલી છે, અને અમે જે મિલન સિદ્ધ કર્યું હોય છે તેની પૂર્ણતા ભલે ગમે તેટલી હોય તો પણ, જ્યાં સુધી અમે અમારા શરીર દ્વારા આ સાપેક્ષતાના બનેલા જગતનાં માણસો છીએ ત્યાં સુધી એ મિલન હંમેશાં વધુ સંપૂર્ણ કરી શકાય તેવું રહેવાનું છે.

પરંતુ તારે વિશેની વાત કરવા માટેના અમારા શબ્દો તો માત્ર વ્યર્થ બબડાટ જેવા છે, મારી તો આ પ્રાર્થના છે કે હું બની રહું  તારી વફાદાર સેવક.

શ્રી માતાજી

(અંક ૨ : વર્ષ ૩૪)
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫
Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

***– શ્રી અરવિન્દ***

*

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**
વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

*